



અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.3-૦૦
તા.૨૧-૦૧-૨૦૨૫ મંગળવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,






તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ પોષ વદ ૭ વર્ષ : ૩૦ અંક ૧૩૧





## યોગ એ આપણા મનને એકાગ્ર, દ્દઢ અને સકારાત્મક તથા સર્જનશીલ બનાવે છે : શ્રી પરીમલ પંડયા

# અમરેલી જીલ્લા પંચાયત સ્ટાફનું યોગસેશન યોજાયું

### અમરેલીમાં જીલ્લા પંચાયતના અધિકારીઓ તેમજ કર્મચારીઓની તંદુરસ્તી જળવાય રહે તે માટે આયોજન

### તા.૧૫ થી ગુજરાત યોગ બોર્ડનાં પ્રશિક્ષક દ્વારા યોગ પ્રશિક્ષણ : અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા

અમરેલી, અમરેલી જીલ્લા પંચાયતના કર્મચારીઓ તથા અધિકારીઓની તંસુરસ્તી જળવાય રહે તે માટે જીલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડયા દ્વારા યોગ સેશનનું આયોજન કરવામા આવ્યું છે.જેમા યોગનો લાભ બહોળી સંખ્યામા લઈ રહયા છે.

આ અંગે ડીડીઓ શ્રી પંડયાએ જણાવ્યું કે યોગ આપણા મનને એકાગ્ર,દ્દઢ અને સકારાત્મક તથા સર્જનશીલ બનાવે છે. તેમ ડીડીઓએ જણાવ્યું હતું.અમરેલી જિલ્લા પંચાયત કચેરી ખાતે અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ માટે યોગાસન કાર્યક્રમનું આયોજન થયુ હતુ.

સ્વાસ્થ્ય જાળવણીના આશયથી તા.૧૫.૦૧.૨૦૨૫ થી શરુ કરવામાં આવેલા આ યોગાસન કાર્યક્રમ, કામકાજના દિવસો દરમિયાન નિયમિત રીતે સવારે ૭ થી ૮ વાગ્યા સુધી યોજાયો


(અનુ. પાના નં.૨)












૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૭૦,૯૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૮-૦૧-૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.
















### સુરતનાં મુખ્ય વ્યવસાયી અને સામાજીક આગેવાન શ્રી મનુભાઇ કાકડીયાનાં કાકાનું નિધન થતા

# અમરેલીમાં કાકડીયા પરિવારને સાંત્વનાં પાઠવતા આગેવાનો

**શ્રી દિલીપભાઇ સંઘાણી, શ્રી અરૂણભાઇ પટેલ, શ્રી જયંતિભાઇ પાનસુરીયા, સાંસદશ્રી ભરતભાઇ સુતરીયા તેમજ અવધ ટાઇમ્સનાં તંત્રી શ્રી ભરત ચૌહાણે સાંત્વનાં પાઠવી**

**ઝરખીયા સેવા સહકારી મંડળીનાં પુર્વ પ્રમુખ શ્રી લાલજીભાઇ ખીમાભાઇ કાકડીયાની સેવાકીય ભાવનાઓ બિરદાવી વિવિધ ક્ષેત્રનાં આગેવાનોએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા**



અમરેલી,
સૂરતના મુખ્યવ્યવસી, સામાજિક નેતા શ્રી મનુભાઈ કાકડીયા (ઝરખીયાવાળા)ના કાકા શ્રી લાલજીભાઈ કાકડીયા દેવલોક પામતા કાકડીયાપરિવારમાંઘેરોશોકવ્યાપીગયો છે.
શ્રી લાલજીભાઈનાં નિધન બાદ તેમના પરિવારજનોને ઈફકો અને ગુજકો માસોલનાં ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં વાઈસ ચેરમેન શ્રી અરૂણભાઈ પટેલ, અમરેલી જિલ્લા સહકારીખરીદવેચાણસંઘનાંચેરમેનશ્રી જયંતિભાઈ પાનસુરીયા, સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા તેમજ અવધ ટાઈમ્સનાં તંત્રી શ્રી ભરત ચૌહાણ તેમજ વિવિધ ક્ષેત્રનાં આગેવાનોએ સદગતનાં પરિવારને સાંત્વનાં સાથે શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતાં અને સદગતનાં સંસ્મરણો યાદ કરી બિરદાવ્યાં હતાં.



**પહેલા પાનાનું - યોગસેશન** હતો.ગુજરાતયોગબોર્ડનાપ્રશિક્ષકદ્વારા યોગ પ્રશિક્ષણ આપવામાં આવ્યુ હતુ. જિલ્લા પંચાયતની તમામ શાખા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ ફરજ બજાવતા અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રી ઓને આ યોગ સેશનનો લાભ લેવા અમરેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ એક અખબારી યાદીમાં અનુરોધ કરાયો હતો.

### પ્રોગ્રામ ઓફિસરનાં માર્ગદર્શન નીચે

## અમરેલી ઘટકમાં પોષણ ઉત્સવ ૨૦૨૪ ઉજવાયો

**આઇસીડીએસનાં અધિકારીઓની ઉપસ્થિતિમાં ઉજવણી**



અમરેલી,
પ્રોગ્રામ ઓફિસરશ્રી અમરેલી ના માર્ગદર્શન હેઠળ અમરેલી ઘટક કક્ષા માં પોષણઉત્સવ ૨૦૨૪અંતર્ગતસરકારશ્રીના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા ચાલતી આંગણવાડીઓમાં જે લાભાર્થીઓને ટી.એચ.આર (માતૃશકિત, બાલશકિત, અને પૂર્ણાશક્તિ) અને મિલેટ (શ્રી અન્ન) માંથી બનતી 'પૌષ્ટિક વાનગી સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ લાભાર્થીઓના પોષણ અને આરોગ્ય માટે સતત પ્રયત્નશીલ છે. બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓસુપોષિતબનેતેમાટેતેઓનારોજિંદા આહારમાંપૌષ્ટિકખાધ્યોનોઉપયોગથાયતે ખુબ જરૂરી છે. કેલરી પ્રોટીન અને સુક્ષ્મ પોષકતત્વોયુક્તટેકહોમરાશન (માતૃશકિત, બાલશકિત અને પૂર્ણાશક્તિ) દર માસે વિનામૂલ્યેઆંગણવાડીકેંદ્રમાંથીતેમનીદૈનિક પોષણનીજરૂરીયાતનાએકતૃતીયાંશભાગનું પોષણ પૂરૂ પાડવા માટે આપવામાં આવે છે. અને મિલેટ (શ્રી અન્ન) નાના દાણા વાળા ધાન્ય પાકોનું જુથ છે, જેમાં વિવિધતાસભર પાકો જેવા કે, બાજરી, જુવાર, નાગલી (રાગી). કાંગ, ચેણો, બંટી (સામો), કોદરી, વરી વગેરેનો સમાવેશ થાય છે. જેમાં મોટા ભાગના પાકોનું મૂળ ભારત છે અને તે ભારતના પ્રાચીન અને ગુણકારી પાકો તરીકે પણ ઓળખવામાં આવે છે.
મિલેટ (શ્રી અન્ન) આરોગ્ય અને પોષણને પ્રોત્સાહન આપતા ગુણધર્મો ધરાવે છે. ટેક હોમ રાશન (માતૃશકિત, બાલશકિત, અને પૂર્ણાશક્તિ), મિલેટ (શ્રી અન્ન) તેમજ સરગવા જેવા પૌષ્ટીક ખાધ્યો ની મદદથી પૌષ્ટીકવાનગી બનાવવામાં આવી હતી અને લોકોને વધુમાં વધુ સારી રીતે ઉપયોગ કરે તે અંગે જાગૃતિ લાવવા આ કાર્યક્રમનું વાનગીસ્પર્ધામાં નંબર પામેલા વર્કર બહેનોને પ્રમાણપત્રોઆપીપ્રોત્સાહિતકરવામાંઆવ્યા હતા આ પ્રસંગે પ્રાંત અધિકારી અમરેલી, પ્રાંત અધિકારી ધારી, TPO અમરેલી, મેડિકલ ઓફિસર અમરેલી, ખેતીવાડી વિભાગના અધિકારી, શઈભ ના અધિકારી, તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ, પ્રોગ્રામ ઓફિસર મેડમ, અમરેલી ઘટક ૧ અને ૨ ના સીડીપીઓ શ્રી , અને તમામ સ્ટાફ, તેમજ આંગણવાડી કાર્યકર / તેડાગર બહેનો ઉપસ્થિત રહેલ છે.

### શ્રી રણછોડદાસ હોસ્પિટલલ રાજકોટ અને વિદ્યાભારતી ટ્રસ્ટ ચિતલ દ્વારા

# ચિતલમા નેત્રનિદાન કેમ્પ યોજાશે

**વિદ્યાભારતી ટ્રસ્ટ ચિતલ દ્વારા આયોજન : વિનામુલ્યે કેમ્પમાં રણછોડદાસ બાપુ હોસ્પિટલની ટીમ સેવા આપશે**

અમરેલી,શ્રી રણછોડદાસ હોસ્પિટલલ રાજકોટ અને વિદ્યાભારતી ટ્રસ્ટ ચિતલ દ્વારા નેત્રનિદાન કેમ્પ તા.૨૬- રવિવારે સવારે૯થી૧ યોજાશે.અમેરીકાનિવાસી ચિતલના વતની ડો.રાજેશભાઈ પટેલ,ડો.ઉષાબેન પટેલ દ્વારા કેમ્પમા ડો.યોગેશ વસાણી દ્વારા થાઈરોઈડ ,પથરીની દવા ૧૫ દિવસની મફત અપાશે.કેમ્પનો લાભ લેવા આયોજકો વતી ડો.જતીન પટેલ,ડો.એકતા પટેલ,ડો.ભાર્ગવ પટેલ,હેતલબેન પટેલે જણાવ્યું છે.આ કેમ્પમાં પ્રમુખ પદે શ્રી અશ્વિનભાઈ સાવલીયા અને ઉદઘાટક તરીકે શ્રીવિજયભાઈ ચૌહાણ તથા મુખ્ય મહેમાન પદે મનુભાઈ દેસાઈ,શ્રી સુખદેવસિંહ સરવૈયા,દિનેશભાઈ ભુવા, ડો.પ્રતાપભાઈ પંડયા, ડો. શશીકાંતભાઈ દવે ઉપસ્થિરત રહેશે. દાતાપરીવાર દ્વારા સન્માનિત કરાશે તેમ બીપીનભાઈ દવે,રાજુભાઈ ધાનાણી, સંજયભાઈ લીંબાસીયા, ઉકાભાઈ દેસાઈ, વલ્લભભાઈ પાથર, રવજીભાઈ બાબરીયા, છગનભાઈ કાછડીયા, હસુભાઈ ડોડીયા, ખોડાભાઈ ધંધુકીયા, વિશાલભાઈ સેજપાલ અને સંયોજક દિનેશભાઈ મેશીયાએ જણાવ્યું છે.

# રાજુલા નજીક ભેરાઈ ફાટક પાસે ગંભીર અકસ્માત એકનું મોત

**ટ્રક અને મોટરસાયકલનું ગંભીર અકસ્માત : રાજુલા પોલીસ ની ૧૦૮ જેવી કામગીરી**



રાજુલા, (કનુભાઈ વરૂ)
ભાવનગરસોમનાથહાઈવેપર દિનપ્રતિદિનઅકસ્માતનીઘટનાઓબનતી જાયછેત્યારેરાજુલાનજીકભેરાઈફાટકપાસે એક ટ્રક અને મોટરસાયકલ નું ગંભીર અકસ્માત સર્જાયો આ માં માતા અને પુત્રને ગંભીર ઈજા થવા પામી અકસ્માત સર્જાતા ભાવનગરસોમનાથહાઈવેપરટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા આ જગ્યા ઉપર જી.આર.ડી નોસ્ટાફફરજબજાવતોહોયત્યારેતેમનેટ્રાફિક કિલયર કરવાની કામગીરી કરેલી ત્યારે આ રોડ પર રાજુલાની પોલીસ પેટ્રોલિંગ ની કામગીરી કરતી હોય અને આ અકસ્માત ના મળતાવૈભવભાઈ તેમજ ભરતભાઈ ગોહિલ સ્થળ પર દોડી આવતા ઈજાગ્રસ્ત બાળકને પોલીસની ગાડીમાં જ તાત્કાલિક સારવાર માટે રાજુલા સરકારી હોસ્પિટલમાં લઈ જવા માં આવેલ આ સમાચાર રાજુલાના નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કિશોરભાઈ ધાખડાને મળતા તેઓ પણ રાજુલા સરકારી હોસ્પિટલે દોડી આવેલા આ બાળક ને વધુ ઈજા હોવાથી તેને પણ વધુ માટે મહુવા હનુમંત હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ જ્યારે આ બાળકના માતા જેમનું નામ રૂપલબેન પરમાર જેને ખૂબ જ વધુ ઈજા હોવાથી ૧૦૮ આવતા તેમને તાત્કાલિક વધુ સારવાર માટે ૧૦૮ મારફત જ મહુવા ખસેડવામાં આવેલા પરંતુ આ બહેનને ઈજા ગંભીર હોવાથી મહુવા ની હનુમંત હોસ્પિટલની ટીમ દ્વારા સારવાર આપ્યા બાદ તાત્કાલિક ભાવનગર ખસેડવામાં આવ્યા પરંતુ ડોક્ટરોના જણાવવા મુજબ આ બહેનને ઈજા ખૂબ જ વધારે હોય અને વધુ સારવાર આપવી પડે તેવું હોય અને તેમને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો દ્વારા સારવાર આપવી પડે તેવી સ્થિતિ હોય ત્યારે તેમને ભાવનગર થી તાત્કાલિક અમદાવાદ ખસેડવામાં આવ્યા ત્યારે અમદાવાદમાં સારવાર દરમિયાન મોડી રાત્રિના તેમનું અવસાન થયું આ પરિવાર રાજુલા તાલુકાના ઉટીયા ગામના હોવાનું જાણવા મળેલ છે જેમાં ઈજાગ્રસ્ત રામજીભાઈ પરમાર અને મૃતક રૂપલબેન પરમાર અને ઈજાગ્રસ્ત તેમનો પુત્ર જયદીપભાઈ પરમાર જે હાલ મહુવા હનુમંત હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ છે રેલવે ફાટક પાસે હાઈવે નું કામ શરૂ હોય અને એક જ રસ્તો શરૂ હોય ટ્રાફિકની પણ વધુ સમસ્યાઓ રહે છે ત્યારે આ બાબતે તંત્ર દ્વારા બીજી બાજુ નો રસ્તો શરૂ કરવામાં આવે તેવું લોક માંગણી ઉઠવા પામેલ છે એક જ બાજુ રસ્તો શરૂ હોય ત્યારે સામસામા વાહનો આવી જતા હોય ત્યારે અકસ્માતનો ભય વધુ રહેશે ત્યારે તંત્ર દ્વારા વહેલી તકે બીજી બાજુનો શરૂ કરવામાં આવે તેવી માગણી.

# લાઠીમાં ૫૫ કરોડનાં ખર્ચે બનેલા વિવિધ વિકાસ કામોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ કરતા શ્રી જનક તળાવીયા

**૫૫ કરોડનાં ખર્ચે હોસ્પિટલ અને વિકાસ કામો તથા ૧ કરોડ ૩૭ લાખનાં ખર્ચે અન્ય કામોનું ખાતમુહુર્ત**



અમરેલી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમરેલી જિલ્લાના લાઠી ખાતે રૂ. ૫૫ કરોડના ખર્ચે તૈયાર થનાર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બિલ્ડીંગ તેમજ લાઠી નગરપાલિકાના વિવિધ વિકાસ કામોનું ખાતમુહુર્ત કર્યું હતું. આ તકે સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, લાઠી- બાબરા ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ બસિયા, શ્રી મેહુલભાઈ ધોરાજીયા, જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ શ્રી જીતુભાઈ ડેર, શહેર ભાજપ પ્રમુખ શ્રી ધર્મેશભાઈ સોની, જિલ્લા ભાજપના મંત્રી રાજુભાઈ ભુવા, તાલુકા પંચાયત પ્રમુખ મધુભાઈ નવાપરા, ઉપપ્રમુખ શ્રી રાકેશભાઈ સોરઠીયા, શ્રી ભરતભાઈ પાડા, શ્રી ભરતભાઈ મેર, શ્રી અનિલભાઈ નાંઢા, શ્રી ચિરાગભાઈ પરમાર સહીત મહાનુભાવો પદાધિકારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ભગોદ વૃધ્ધાશ્રમમાં આજથી ભાગવત કથા



અમરેલી,
વલસાડના ભગોદ ગામે શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ અટાર વૃધ્ધાશ્રમ ખાતે યોજાશે.ભાગવતકથાનું ૨૧ મીએ પ્રારંભ થશે અને ૨૭ મીએ પુર્ણાહુતિ કરાશે.બપોરે ૨ થી ૫ સુધી કથા રસપાન કરાવાશે.શ્રીકૌશિકભાઈ માકડીયા ભાજપના અગ્રણી વલસાડના મુખ્ય યજમાન પદે વૃધ્ધો માટે આયોજન થતા કથાનો લાભ કન્વીનર લક્ષ્મીબેન બારોટ રાધેશ્યામ પરીવાર વલસાડ દ્વારા જણાવાયું છે.કથામેં વ્યાસપીઠ ઉપરથી પ્રફુલભાઈ શુકલ ખેર ગામવાળા કથા રસપાન કરાવશે તેમ માનવ સેવા ટ્રસ્ટ વલસાડના ચેરમેન રજનીભાઈ દેસાઈએ જણાવ્યું છે.

**લોન..લોન..લોન..**
ખેડુતોને ખેતીની જમીન પર એક વીઘે ૨ લાખની લોન
ગામડાના સ્લેબવાળા મકાન પર લોન
મોર્ગેજ લોન, હોમ લોન, પેટ્રોલ પંપ ઉપર લોન
મશીનરી માટે સબસીડીવાળી લોન
કોલેજ, સંકુલ, શૈક્ષણિક સંસ્થા માટે લોન
ઓલ ગુજરાતમાં લોન મળશે
નોંધ : ખેડુતોને ઓછા વ્યાજદરે લોન મળશે
બેંક DSA : મો.૬૩૫૩૪ ૪૧૦૯૫

**કોન્સ્ટેબલ માટે સ્પે.બેચ તદ્દન મફતમાં | ગણિત રિઝનીંગ બંધારણ**
સવારે : ૬:૩૦ થી ૮:૦૦
બપોરે ૦૧:૦૦ થી ૨:૩૦
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ : મો.૯૮૭૯૭ ૬૯૪૫૧

**મકાન વેચવાનું છે**
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ
બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

**સ્પેશિયલ મંદિર માટે**
મોરની સાઉન્ડ સિસ્ટમ
આરતી સમયે વગાડવા માટે શંખ,
ઝાલર, નગારાની સાઉન્ડ સિસ્ટમ
તેમજ મંત્ર જાપની સિસ્ટમ માટે
સ્વામિ ઈલેક્ટ્રોનિક
પરમ હાઇટ્સ બિલ્ડીંગ, પહેલા માળે, પટેલ ટાયરની પાસે, સ્ટેશન રોડ, અમરેલી મો.૯૮૯૮૨ ૪૮૭૮૯

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિરપાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

(૧) કોમર્સિયલ ટર્બો તેમજ દરેક ડીજલ કારના ટર્બો રિપેરીંગ
(૨) ઓટોમેટિક ફોલ્ડ મિરર તેમજ પાવર વિન્ડો સ્વિચ રિપેરીંગ
(૩) હેડલાઇટ રીપેરીંગ તેમજ રીસ્ટોર
સ્ટેશન રોડ, પાણી પુરવઠા બોર્ડ સામે, ભક્તિ કુટિર કોમ્પલેક્ષ, દુકાન નં.૧, અમરેલી
મો.૭૦૬૯૬ ૩૦૬૪૦

**જાનવી મોબાઇલ એન્ડ કવર હાઉસ**
■ લેડીઝ સ્ટાફની જરૂર છે
કોમ્પ્યુટર જાણકારની પહેલી પસંદગી
લાયકાત મુજબ પગાર આપવામાં આવશે
૧૪૯/- રૂા.ની ખરીદી ઉપર સાત વસ્તુ ફ્રી આપવામાં આવશે
૫૦૦/- રૂા.ની ખરીદી ઉપર થરમોસ સાથે બે કપ ફ્રી આપવામાં આવશે
વિજયચોક બગસરા, મો.૯૧૦૪૪ ૦૨૬૪૩

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

### એસએમસી દ્વારા સીબીઆઇની માફક ઉંડાણભરી કડીબધ્ધ તપાસ શરૂ

# શ્રી નિર્લિપ્ત રાયએ એસ. એમ. સી. ની વિશાળ ટીમને વિવિધ કામગીરી સોંપી

## એક ડીવાયએસપી, બે પીઆઇ, ચાર જેટલા પીએસઆઇ અને બાર ઉપરાંતના એસએમસીના ચુનંદા રાઇટરો દ્વારા વિવિધ કામગીરી શરૂ કરવામાં આવી



અમરેલી,(ઉસ્કરીપોર્ટર) એસએમસી દ્વારા સીબીઆઈની માફક અમરેલીના લેટરકાંડની ઉંડાણભરી કડીબધ્ધ તપાસ શરૂ કરવામાં આવી છે અને એસએમસીના વડા શ્રી નિર્લિપ્ત રાયએ સોમવારે અમરેલી આવી પહોંચી અને એસએમસીની વિશાળ ટીમને વિવિધ કામગીરી સોંપી હતી.

એસએમસીમાંથી એક ડીવાયએસપી, બે પીઆઈ,ચાર જેટલા પીએસઆઈ અને બાર ઉપરાંતના એસએમસીના ચુનંદા રાઈટરો દ્વારા વિવિધ કામગીરી શરૂ કરવામાં આવી છે જે આજે પણ ચાલુ રહેશે કોઈને કોઈ રીતે ચગતા રહેતા આ પ્રકરણમાં શ્રી નિર્લિપ્ત રાયની તપાસ સાથે તમામ બાબતો સામે આવી જશે તેમ મનાય રહયું છે.

### પાયલ ગોટી, કિશોર કાનપરિયા અને પોલીસમેનો સહિતની પુછપરછ

# અમરેલીમાં સરકીટ હાઉસ ખાતે લેટરકાંડમાં દિવસભર એસએમસી દ્વારા તપાસ કરાઇ

## ડીઆઇજી શ્રી નિર્લિપ્ત રાયે પગપાળા બનાવની સ્થળની મુલાકાત લીધી : તપાસનો ધમધમાટ શરૂ : આજે પણ તપાસ કરાશે

અમરેલી,(ફીલ્ડરિપોર્ટર) સોમવારે સવારથી અમરેલીના બહુચર્ચીત લેટરકાંડમાં દિવસભર એસએમસીના વડા ડીઆઈજી શ્રી નિર્લિપ્ત રાયના માર્ગદર્શનમાં તપાસ કરાઈ હતી

એસએમસીના ડીઆઈજી શ્રી નિર્લિપ્ત રાયે પગપાળા બનાવની સ્થળની મુલાકાત લીધી હતી આ પ્રકરણમાં ટીમ દ્વારા પાયલ ગોટી, કિશોર કાનપરિયા અને પોલીસમેનો સહિતની પુછપરછ સાથે તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

જે મોડી સાંજ સુધી શરૂ રહયો હતો અને આજે મંગળવારે પણ બાકી રહેતા નિવેદનો નોંધાવાના હોવાનું જાણવા મળેલ છે અમરેલીમાં તપાસ કરી અને બનાવનો રિપોર્ટ એસએમસી દ્વારા સુપરત કરાશે તેમ જાણવા મળેલ છે.

### રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે

# અમરેલીમાં ૧૦૦ બેડની મલ્ટિસ્પેશ્યાલીટી ધર્મજીવન હોસ્પિટલનો શુભારંભ કરાયો

## શ્રી રાકેશભાઈ દુધાતે શાબ્દિક સ્વાગત અને પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સચિવ શ્રી ધીરજ કાકડિયાએ આભાર વિધિ કરી




અમરેલી,શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાન, રાજકોટ દ્વારા અમરેલીના જેસીંગપરામાં નિર્મિત ૧૦૦ બેડની ધર્મજીવન મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનો શુભારંભ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કરાવ્યો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા, રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, રાજકોટ સાંસદ શ્રી પરષોત્તમભાઈ રૂપાલા, નાયબ મુખ્ય દંડક ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા સહિતના મહાનુભાવો અને સંતશ્રીઓએ નવનિર્મિત ધર્મજીવન હોસ્પિટલમાં આરોગ્યલક્ષી અદ્યતન સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, માનવ જીવન માટે સૌથી જરુરી અને મહત્વપૂર્ણ ઉત્તમ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કાર છે. સમાજ અને રાષ્ટ્ર કલ્યાણ માટે જરુરી એવા પરિમાણો સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાનના માધ્યમથી નાગરિકોને પ્રાપ્ત થઈ રહ્યા છે. આ પ્રસંગે સંત શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામી, સંત શ્રી ધર્મવલ્લભ સ્વામી અને સંત શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ પ્રવચન કર્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનો જન્મદિવસ હતો, તે નિમિત્તે સંતોએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને ખાસ ખેસ અને સ્મૃતિચિન્હ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું.ધર્મજીવન હોસ્પિટલના સફળ સંચાલન અને દર્દીઓ સહિત સમૂહ પ્રાર્થના પણ આ પ્રસંગે આવી હતી. આ પ્રસંગે શ્રી રાકેશભાઈ દુધાતે શાબ્દિક સ્વાગત અને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સચિવ શ્રી ધીરજ કાકડિયાએ આભાર વિધિ કરી હતી.અમરેલી ખાતે ધર્મજીવન હોસ્પિટલના નિર્માણ માટે આર્થિક સહયોગ આપનાર દાતાશ્રીઓનું સંતશ્રીઓના હસ્તે સન્માન પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાન સંત શ્રી દેવપ્રસાદજી સ્વામી, સુરત ગુરુકુળ સંસ્થાના સંત શ્રી ધર્મવલ્લભ સ્વામી, અન્ય સંતગણ, નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા, લાઠી-બાબરા ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા, પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય શ્રી વિરજીભાઈ ઠુંમર, પૂર્વ ધારાસભ્ય શ્રી પરેશભાઈ ધાનાણી, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ શ્રી અશ્વિનભાઈ કુંજડિયા, જિલ્લાના પદાધિકારી શ્રીઓ, જિલ્લા કલેકટર શ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત, અગ્રણીશ્રીઓ, અધિકારીશ્રીઓ, સમાજશ્રેષ્ઠીશ્રીઓ, દાતાશ્રીઓ, બહોળી સંખ્યામાં હરિભક્તો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી આચાર્ય દેવવ્રતજીનું અમરેલી એરપોર્ટ પર ઉષ્માભર્યુ સ્વાગત

## શ્રી મનસુખભાઈ માંડવીયા અને શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાનું સ્વાગત




અમરેલી,શ્રી સ્વામિનારાયણ સંસ્થાન (ગુરુકુળ રાજકોટ સંસ્થાન) દ્વારા અમરેલી ખાતે નિર્મિત ધર્મજીવન હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે પધારેલા રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું વહીવટીતંત્ર દ્વારા અમરેલી એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પધારેલા કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટના સાંસદશ્રી પરષોત્તમભાઈ રુપાલા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી- કુંકાવાવના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા, લાઠી-બાબરાના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા, જિલ્લા કલેકટર શ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત, અમરેલી પ્રાંત અધિકારીશ્રી મહેશ નકિયા, સ્વામિનારાયણ સંપ્રદાયના સંતશ્રીઓ, અગ્રણીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### બગસરામાં બુધવારે સત્સંગ કાર્યક્રમ યોજાશે

**પુજય ચેતનબાપુના સાનિધ્યમાં સત્સંગ**

અમરેલી,બુધવારે તા.૨૨ સાંજે ૪:૩૦ થી૬ દરમ્યાન ગોકુળપરા ૬૦ ફુટ રીંગરોડ ખાતે પુજય શ્રી ચેતનબાપુના સાનિદયમા આધ્યાોત્મિક સત્સંગ કાર્યક્રમ યોજાશે. જેનો લાભ લેવા રાજેશભાઈ ખેતાણી, જીગ્નેશભાઈ ગઢીયા, બ્રિજેશભાઈ વઘાસીયા, અરવિંદભાઈ કયાડાએ અખબારી યાદીમા જણાવ્યું છે.

### બગસરામાં ડાંગીયાપીરનો ઉર્ષ ઉજવાયો



બગસરા, (સમીર વિરાણી) બગસરામાં ડાંગીયા પીર બાપુ ના ઉર્ષની ઉજવણી ધામ ધુમ પૂર્વક કરાવવામાં આવી હતી બગસરા ના હઝરત ડાંગીયા પીર સરકાર ના ઉર્સ ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી જેમાં તમામ હિન્દુ મુસ્લિમ બિરાદરોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી અને આ ઉર્ષ નો લાભ લીધો હતો તથા બહોળી સંખ્યામાં લોકોએ ઉર્ષ માં ન્યાજનો લાભ લીધો હતો.

### સુરતમાં કચરામાં ફેંકાયેલ નવજાતનું મોત : માતા સગીર નીકળી

સુરત,સુરતમાં એક નાળા પાસે નવજાત શિશુ મળી આવતા તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. તપાસ બાદ પોલીસે ૧૬ વર્ષની યુવતી પર આરોપ લગાવ્યો હતો. સુરતમાં માનવતાને શરમાવે એવો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરતમાં એક નાળા પાસેના કચરાની વચ્ચેથી એક નવજાત બાળક મળી આવ્યું છે. માંસ ખાનારા પક્ષીઓ તેની ઉપર મંડરાતા હતા. બાળકોના ટોળાએ પક્ષીઓને વિખેરવા માટે પથ્થરમારો કર્યો અને અવાજ કર્યો. આ પછી પોલીસને બોલાવવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર, આ નવજાતને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

### નાયબ દંડક શ્રી કૌશિક વેકરીયા સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં

# અમરેલીનાં કમી કેરાળામાં સ્વામિનારાયણ મંદિર મુર્તિ પ્રતિષ્ઠામાં શ્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતિ

## શ્રીમદ્‌ ભાગવત સપ્તાહમાં કરાવાતુ સંગીતમય કથાનું રસપાન કર્યુ : શ્રી જીતુભાઇ વાઘાણીનાં પુત્રનાં લગ્ન પ્રસંગે નવદંપતિને શુભકામનાઓ પાઠવી



અમરેલી,

અમરેલી જિલ્લાના કમી કેરાળા ગામ ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આયોજિત 'શ્રીમદ ભાગવત સપ્તાહ'મા વકતા શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના પાવન મુખે ભગવાન શ્રી કૃષ્ણના દિવ્ય ચરિત્રોની કથા શ્રવણ કરવાનો શુભ અવસર પ્રાપ્ત થયો હતો. નાયબ દંડક શ્રી કૌશિક વેકરીયા અને વિવિધ ક્ષેત્રનાં આગેવાનો તથા હરિભક્તો અને શ્રી સ્વામિનારાયણ સંતો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાંહતાં અને ધર્મલાભ લીધો હતો. અને અનાદિ મૂળ અક્ષર મૂર્તિ સદગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામીએ સાળંગપુરધામ ખાતે જે દિવ્ય અને કલ્યાણકારી મહાપ્રતાપી સાક્ષાત સ્વરૂપ હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરી એ શ્રી કષ્ટભંજન દેવના દર્શન કરવાનું અલૌકિક સદભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમજ ભારતીય જનતા પાર્ટીના પૂર્વ અધ્યક્ષ અને ભાવનગરના ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણીના સુપુત્ર ચિ.મીતના શુભલગ્નપ્રસંગે ઉપસ્થિત રહી નવ દંપતીને શુભઆશિષ પાઠવ્યા હતાં. આ તકે પૂજ્ય શ્રી નૌત્તમદાસજી સ્વામી, પૂજ્ય નારાયણચરણદાસ સ્વામી, પૂજ્ય કે.પી.સ્વામી,પૂજ્ય વિવેક સ્વામી,ડો.હરિપ્રસાદ સ્વામી વિગેરે સંતો તેમજ રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

### સારા વરસાદથી જિલ્લામાં રવિ પાકોનું ૧૩ ટકા વાવેતર વધ્યું

# અમરેલી જિલ્લામાં ૧.૯૯ લાખ હેક્ટરમાં રવિ પાકોનું વાવેતર

## જિલ્લામાં ઘઉં કરતા બમણાથી પણ વધુ જિલ્લામાં ચણાનાં પાકનું વાવેતર કરાયું

અમરેલી,અમરેલી જિલ્લામાં રવિ પાકોનાં વાવેતરનું કામ પુર્ણ થઈ ચુક્યું છે. અને ગતવર્ષનાં સારા વરસાદનાં કારણે ત્રણ સાજા હોવાથી આ વર્ષે રવિ પાકોનું ૧૩ ટકા જેટલું વાવેતર વધ્યું છે. ખાસ કરીને આ વર્ષે જિલ્લામાં ચણાનાં વાવેતરમાં વધારો થયો છે અને ઘઉં કરતા પણ ચણાનું વાવેતર બમણાથી વધુ જોવા મળ્યું છે. જિલ્લામાં સિંચાઈની કોઈ મોટી સગવડતા ન હોય પરંતુ ખેડુતો ભુતળનાં પાણી અને સ્થાનિક લેવલનાં નાના જળાશયોનાં સહારે રવિ પાકોનું વાવેતર કરે છે.ગત વર્ષે ચોમાસામાં મગફળીનું વાવેતર વધ્યું હતું અને દિવાળી આસપાસ મગફળી ઉપડી જતા જમીન મોટા પ્રમાણમાં ખાલી પડી હતી. અને ચોમાસામાં સારા વરસાદનાં કારણે ભુતળમાં પાણીની સ્થિતિ સારી હોય જેના કારણે મોટી સંખ્યામાં ખેડુતોએ રવિ પાકોનું વાવેતર કર્યુ છે. ગત વર્ષે અમરેલી જિલ્લામાં ૧.૭૬ લાખ હેક્ટરમાં રવિ પાકનું વાવેતર થયું હતું જ્યારે ચાલુ સાલે જિલ્લામાં ૧.૯૯ લાખ હેક્ટર કરતા વધુ વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર થયું હતું. આમ રવિ પાકનાં વાવેતરમાં ૧૨.૯૫ ટકાનો વધારો થયો હતો. અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પોણા બે લાખ હેક્ટરમાં રવિ પાકનું સરેરાશ વાવેતર થયું હતું. તેની સરખામણીમાં પણ આ વર્ષે ૨૫ હજાર હેક્ટરનો વધારો થયો હતો. જિલ્લામાં ઓણસાલ ૪૨૭૭૮ હેક્ટરમાં ઘઉંનું વાવેતર થયું છે જ્યારે ૯૩૩૬૧ હેક્ટરમાં ચણાનું વાવેતર થયું છે. ઉપરાંત જિલ્લામાં ધાણાનું પણ મોટા પ્રમાણમાં વાવેતર થતા ૧૪૩૦૯ હેક્ટરમાં ધાણા વવાઈ છે. જ્યારે ૧૫૫૮૫ હેક્ટરમાં ડુંગળીનું વાવેતર કરાયું છે. ઘઉં અને ચણા બાદ સૌથી વધુ વાવેતર ઘાસચારાનું ૧૮૦૯૦ હેક્ટરમાં કરવામાં આવેલ છે. ખેડુતોએ રવિ પાક તરીકે જિલ્લામાં શાકભાજી, લણસ જેવી ખેત જણસોનું વાવેતર કર્યુ છે. જિલ્લામાં ભુતળમાં પાણીની હજુ ઠીકઠીક સ્થિતિ હોય સગવડતા વાળા ખેડુતો ઉનાળુ પાકનું પણ વાવેતર કરશે. જિલ્લામાં ઘઉં ૪૨૭૭૮ હેક્ટર, અન્ય ધાન ૨૫૦ હેક્ટર, ચણા ૯૩૩૬૧ હેહેક્ટર, રાય ૨૦ હેક્ટર, શેરડી નવી ૫ હેક્ટર, જીરૂ ૬૫૯૪ હેક્ટર, ધાણા ૧૪૩૦૯ હેક્ટર, લણસ ૧૪૩૩ હેક્ટર, ઈસબગુલ ૭૫ હેક્ટર, વરીયાળી ૧૦ હેક્ટર, ડુંગળી ૧૫૫૮૫ હેક્ટર, શાકભાજી ૫૯૪૭ હેક્ટર, ઘાસચારો ૧૮૦૯૦ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે.





### શ્રી રામાનંદી સાધુ સમાજ અમરેલી અને ચલાલા દ્વારા

# અમરેલી અને ચલાલામાં રામાનંદાચાર્ય જન્મ જયંતિ ઉજવાશે

## દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર રામાનંદી સાધુ સમાજ દ્વારા શ્રી રામાનંદાચાર્ય મહારાજનાં ૭૨૫ માં જન્મજયંતિ મહોત્સવની થઇ રહેલી તડામાર તૈયારીઓ

## સમસ્ત રામાનંદી સાધુ સમાજનાં આગેવાનો સહિત ભાવિકજનોની વિશાળ ઉપસ્થિતીમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરાશે



અમરેલી,

અમરેલી અને ચલાલામાં શ્રી રામાનંદી સાધુ સમાજ દ્વારા રામાનંદાચાર્ય જન્મ જયંતિ મહોત્સવ ઉજવવા આયોજન થયુ છે આ મહોત્સવ ઉજવણી માટે રામાનંદી સાધુ સમાજની સંસ્થાઓ અને આગેવાનો દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે.

અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ દ્વારા આજે તા.૨૧-૧ મંગળવારના સાંજના લાઠી રોડ સવિતાબા કુમાર છાત્રાલયમાં જગતગુરૂ રામાનંદાચાર્યજીની ૭૨૫ મી જન્મજયંતિ ઉજવામાં આવશે.જેમાં સાંજના ૫ કલાકે ગુરૂજીનું પુજન અર્ચન,ઉપસ્થિત મહેમાનો અને મહાનુભાવોનું સ્વાગત સન્માન,તેજસ્વી તારલાઓ તથા સેવાનિવૃતિ સન્માન,આજીવન વાર્ષિક ફીના સભ્યોને સ્મૃતિ ભેટ શૈક્ષણિક ઈનામના દાતાનું સન્માન તથા ધર્મસભા સંતોના આશીર્વચન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.કાર્યક્રમને સફળ બનાવવા શહેર મંડળની કારોબારી દ્વારા તડામાર તૈયારી ચાલી રહી છે. અમરેલી શહેરના રામાનંદી સાધુ સમાજના જ્ઞાતિજનોને પરીવાર સાથે ઉપસ્થિત રહેવા શહેર રામાનંદી સાધુ સમાજ મંડળ દ્વારા જણાવેલ છે.

એ જ રીતે ચલાલા મા શ્રી રામાનંદી સાધુસમાજ સેવાકીય પ્રવૃત્તિ મંડળ દ્વારા તા,૨૨,૧,૨૦૨૫,બુધવાર ના પટેલવાડી મા ખુબ જ ભકિતમય વાતાવરણ મા ઉંમગ ઉત્સાહ ભેર સંતો મંહતો તેમજ રાજકીય, સામાજીક, આગેવાનો ની ઉપસ્થિતિ મા રંગે ચંગે, અયોધ્યામા રામલલ્લા પ્રતિષ્ઠા ની વર્ષગાંઠ અને શ્રી રામાનંદાચાર્યજી મહારાજ ની ૭૨૫મી જન્મજંયતી મહોત્સવ ઉજવાશે. ચલાલા રામાનંદી સાધુસમાજ ના પ્રમુખ શ્રીબાલકૃષ્ણભાઈ દેવમુરારીએ જણાવેલ છે કે આ શ્રી રામાનંદાચાર્યજી ની જન્મ જંયતી અને અયોધ્યામા રામલલ્લા પ્રતિષ્ઠા ની વર્ષ ગાંઠ ની ઉજવણી પ્રસંગે સવાર ૮ કલાકે, ગુરૂપુજન,સવારે ૯,૩૦ કલાકે ભીમનાથ મહાદેવ મંદિર માથી સાધુ સંતો મંહતો અને રાજકીય સામાજીક આગેવાનો ની ઉપસ્થિતી મા સનાતન ધર્મ ના જયઘોષ સાથે શોભાયાત્રા પ્રસ્થાન કરી પટેલવાડી મા જશે..સવારે ૧૦,૩૦ કલાકે દિપ પ્રાગટ્ય સાધુ સંતો મંહતો ના વરદ હસ્તે સંપન્ન કર્યા બાદ ધર્મ સભા અને સન્માન સમારોહ નો કાયૅક્મ યોજાશે. ચલાલા અંશાઅવતાર દાનમહારાજ ની જગ્યા ના લધુમંહત મહારાજ પુજ્ય મહાવીર બાપુ, ગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ના વડા પૂજ્ય ડો. રતીદાદા, ધારી થી મંહત શ્રી નટુબાપુ, ભીમનાથ મહાદેવ મંદિર ના મંહત શ્રી મયુરબાપુ, સહીત ના સંતો મંહતો પધારશે..તેમજ જીલ્લા સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા રાજ્ય સરકાર ના મુખ્ય નાયબ દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા,અને જાગૃત ધારાસભ્ય શ્રી જે.વી.ભાઈ કાકડીયા, સહીત સ્થાનીક રાજકીય તેમજ સામાજીક આગેવાનો ઉપસ્થિત રહી કાયૅક્મ ને શુભકામના વ્યક્ત કરશે. આ કાયૅક્મ ને લઈ ને સમસ્ત રામાનંદી સાધુસમાજ મા ભારે ઉંમગ ઉત્સાહ જોવા મળી રહ્યો છે..કાયૅક્મ ને સફળ બનાવવા માટે રામાનંદી સાધુસમાજ ના પ્રમુખ શ્રી બાલકૃષ્ણભાઈ દેવમુરારી ના માર્ગદર્શન નીચે ચલાલા નગર પાલીકા ના એડ એકાઉન્ટ કાળુભાઈ લશ્કરી, રાધેશ્યામ ભાઈ દેવમુરારી, રાજેશભાઈ કુબાવત, ભંડીગંજીભાઈ, સહીત મંડળ ના તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ ચલાલાથી પ્રકાશ કારીયાએ જણાવ્યું છે.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૧-૦૧-૨૦૨૫ મંગળવાર

# ચીનાઓની સખત મહેનત સામે ટકી રહેવું એ હવે યુરોપ કે આ અમેરીકાનું કામ નથી

ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા જઈ રહ્યા છે અને દુનિયા મોટા પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહી છે. બીજા વિશ્વયુદ્ધથી સૌથી શક્તિશાળી દેશો પણ રાષ્ટ્રીય સાર્વભૌમત્વને મર્યાદિત કરવા તૈયાર રહ્યા છે. તેઓ વૈશ્વિક નિયમો અને સહકારી પગલાંનું પાલન કરવા સંમત થયા. આવા નિયમો વિવિધ બાબતો પર બનાવવામાં આવ્યા હતા, જેમાં માત્ર વેપાર અને ટેરિફ જ નહીં પરંતુ પરમાણુ શસ્ત્રો, દરિયાઈ કાયદો અને રાષ્ટ્રીય સરહદોની સુરક્ષાનો પણ સમાવેશ થાય છે. આ પરિવર્તન બે કારણોસર થયું છે. પ્રથમ, ચીનનો ઉદય અને વૈશ્વિક શક્તિમાં પરિવર્તન. ચીન યથાસ્થિતિ શક્તિ નથી, તેથી તે વિક્ષેપ પેદા કરવા અને અમેરિકાને પડકારવા ચાહે છે. બીજું રશિયામાં વ્લાદિમીર પુતિન, ચીનમાં શી જિનપિંગ અને અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ જેવા શક્તિશાળી નેતાઓ હવે એ દેશોનું સુકાન સંભાળે છે. છતાં ચીન એકલવીરની જેમ એટલું આગળ વધી ગયું છે કે હવે પશ્ચિમી દેશોનો સૂરજ આથમશે.

આ બંને ઘટનાઓએ ફરી એકવાર વિજય માટે મહાસત્તાઓ વચ્ચે યુદ્ધ જેવી પરિસ્થિતિ ઉભી કરી. ઈરાકમાં અમેરિકાના યુદ્ધે આગળ શું થવાનું છે તેનો સંકેત આપ્યો. ત્રણ વર્ષ પહેલાં, પુતિને યુક્રેન પર આક્રમણ કર્યું હતું. જિનપિંગ તાઈવાન પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા હોય તેવું લાગે છે. ટ્રમ્પ પનામા કેનાલ અને ગ્રીનલેન્ડ પર કબજો કરવા માટે બળનો ઉપયોગ કરવાની ધમકી આપી રહ્યા છે. આ સાથે અન્ય ફેરફારો પણ થયા છે. બહુપક્ષીયતા કરતાં એકપક્ષીય કાર્યવાહીને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર અને વિશ્વ વેપાર સંગઠનની ભૂમિકા અને ઉપયોગીતા ઘટી ગઈ છે. આબોહવા પરિવર્તનના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે જરૂરી પગલાં લેવામાં પણ વિશ્વ પાછળ રહી ગયું છે. ભૂરાજનીતિનો અર્થ હંમેશા સત્તા રહ્યો છે, પરંતુ હવે પર્યાવરણ સમસ્યા નિયમોની બહાર જઈ રહી છે.

દક્ષિણ ચીન સમુદ્રમાં પણ વિવાદના ભરતી-ઓટ ચાલ્યા કરે છે, ગાઝામાં નરસંહાર થઈ રહ્યો છે, તિબેટમાં બ્રહ્મપુત્ર નદી પર એક નવો વિશાળ બંધ બનાવવામાં આવી રહ્યો છે અને આર્થિક પ્રતિબંધો લાદવામાં આવી રહ્યા છે જે એવા દેશોને અસર કરે છે જેમનો ઉક્ત બાબતો સાથે કોઈ લેવાદેવા નથી. આ બધું માનસિકતામાં પરિવર્તનને કારણે છે. પરસ્પર નિર્ભરતા અને વેપાર નેટવર્ક જે પહેલા ફાયદાકારક માનવામાં આવતા હતા તે હવે નુકસાનકારક માનવામાં આવી રહ્યા છે. તેથી, અડધી સદીથી ચાલી રહેલા વેપાર ઉદારીકરણથી હવે થોડું અંતર દેખાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં, મારો દેશ પહેલા-ની વિભાવના વૈશ્વિકરણનું સ્થાન લઈ રહી છે. પરસ્પર નિર્ભર અર્થતંત્રોને બદલે આત્મનિર્ભરતાની વાત થઈ રહી છે. કાર્યક્ષમ બજારને બદલે, રાષ્ટ્રીય સુરક્ષાનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે.

આ પદ્ધતિ સો વર્ષ પહેલાં અપનાવવામાં આવી હતી પરંતુ તે અસરકારક નહોતી. ઈતિહાસના પાઠ કદાચ હવે મહત્વપૂર્ણ રહ્યા નથી. સૌથી મોટો ફેરફાર એ છે કે જે અમેરિકા ભૂતકાળમાં સૌથી વધુ નિયમો બનાવતો હતો, તે હવે સૌથી અવિશ્વસનીય દેશ બની ગયો છે. શું ખુદ અમેરિકા જ વિશ્વ શાંતિ માટે ખતરો બની ગયું છે? કોઈને ખબર નથી કે તે આગળ શું કરશે. આ બાબતો વિશ્વને વધુ અશાંત બનાવે છે, જેમાં પહેલા કરતાં વધુ અનિશ્ચિતતાઓ અને જોખમો છે. નિયમો અને કરારો પહેલાથી અસ્તિત્વમાં રહેલી સત્તા વ્યવસ્થાને પ્રતિબિંબિત કરે છે અને બીજા વિશ્વયુદ્ધ પછી રચાયેલા સહકારી એજન્ડા પશ્ચિમી વ્યવસ્થાના વર્ચસ્વને કારણે શક્ય બન્યા હતા. યુદ્ધ પછી ઉભરી આવેલા વિશ્વના સૌથી શક્તિશાળી દેશ દ્વારા તેમને આગળ મૂકવામાં આવ્યા હતા. હવે જો વિશ્વ વ્યવસ્થા તૂટી રહી છે,

તો આપણે મૂળભૂત બાબતો પર પાછા જવું જોઈએ. ચીનના ઉદયથી પશ્ચિમ સામે અભૂતપૂર્વ પડકાર ઉભો થયો છે. પશ્ચિમ માને છે કે ચીને સ્વીકૃત વ્યાવસાયિક નિયમોનું પાલન કર્યું નથી અને ઔદ્યોગિકીકરણને વ્યવસ્થિત રીતે નષ્ટ કરી દીધું છે. પશ્ચિમે આ માટે કામ કર્યું છે. તેણે પશ્ચિમ પાસેથી ટેકનોલોજી પણ ચોરી છે. આ જ કારણ છે કે પશ્ચિમે પ્રતિબંધો, ટેરિફ, ટેકનોલોજી ન આપવા જેવા પગલાં લીધાં છે. કદાચ આ પગલા ભરવામાં ઘણું મોડું થઈ ગયું છે. ઉદ્યોગમાં ચીનના વર્ચસ્વને પડકારી શકાય નહીં. ગયા વર્ષે, તેણે અમેરિકા કરતાં ૧૨.૬ ગણું વધુ સ્ટીલ, ૨૨ ગણી વધુ સિમેન્ટ અને ત્રણ ગણી વધુ કારનું ઉત્પાદન કર્યું. તેની ઈલેક્ટ્રિક કાર હવે જાપાન અને જર્મનીના કાર બજારોમાં પ્રભુત્વ મેળવવા જઈ રહી છે. ઈ. સ. ૨૦૩૦ સુધીમાં, ચીનનું ઉત્પાદન ક્ષેત્ર સમગ્ર પશ્ચિમ કરતા વધી જવાનો અંદાજ છે. નવા ઉદ્યોગોની દ્રષ્ટિએ તે પહેલાથી જ અન્ય ઉદ્યોગો કરતા ઘણો આગળ છે. આ શક્તિ ફક્ત ત્યારે જ ફાયદાકારક છે જો ચીન વૈશ્વિક બજારોમાં રહે. પરંતુ વાસ્તવમાં બજારો ચીનની પહોંચથી દૂર થઈ રહ્યા છે.

છતાં ચીન ૨૦૨૪ માં ૧ ટ્રિલિયન ડોલરનો રેકોર્ડ વેપાર નોંધાવવા માટે તૈયાર છે. ઘણા ક્ષેત્રોમાં તે પશ્ચિમથી પણ આગળ છે. ચીનના અર્થતંત્રમાં ચોક્કસપણે ગંભીર માળખાકીય સમસ્યાઓ છે, જે તેને સતત વૃદ્ધિ કરતા અટકાવે છે. પરંતુ તે યુકે, જર્મની અથવા યુએસ જેવા પશ્ચિમી દેશોની જેમ જ સમસ્યાઓનો સફળતાપૂર્વક સામનો કરી રહ્યું છે. વાસ્તવિકતા એ છે કે પશ્ચિમ જેટલું વધુ ભય અનુભવતું હતું, તેટલી જ ઝડપથી તેણે એક સમયે અનુસરેલા નિયમોનો ત્યાગ કર્યો. નવી દુનિયામાં દરેક દેશ પોતાના માટે લડી રહ્યો છે.

# કોટડી શાળાનાં આચાર્યને ચિત્રકુટ એવોર્ડ આપી સન્માન કરાયું

## તલગાજરડામાં પુજ્ય મોરારીબાપુ દ્વારા સન્માનિત કરી બિરદાવ્યાં



રાજુલા, (કનુભાઈ વરૂ)

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના બારપટોળી ગામના વતની અને કોટડી પરા પ્રાથમિક શાળા ના આચાર્ય લખનભાઈ છગનભાઈ કાતરીયા તા. ૧૫.૦૧.૨૦૨૫ ના રોજ ચિત્રકૂટ,આશ્રમ તલગાજરડા દ્વારા શ્રેષ્ઠ શિક્ષક સન્માન અંતર્ગત પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય સંતશ્રી મોરારીબાપુના વરદ્ હસ્તે ચિત્રકૂટ એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા, આ એવોર્ડ અંતર્ગત તેમનું સન્માન પ્રમાણપત્ર, સ્મૃતિ ચિહ્ન, કાળી કામળી, તથા રૂપિયા પચીસ હજારનો પુરસ્કાર આપી કરવામાં આવ્યું હતું ગુજરાત રાજયના બે લાખથી વધુ શિક્ષકોમાં અતિ પ્રતિષ્ઠિત અને ગૌરવવંતો ગણાતો આ એવોર્ડ પૂજ્ય સીતારામ બાપુ, સંતો, મહંતો, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, મહામંત્રીની ઉપસ્થિતિમાં આપવામાં આવ્યો હતો. લખનભાઈ છગનભાઈ કાતરીયા ની વીસ વર્ષની અથાક શિક્ષણયાત્રા, શાળાના શિક્ષકો સ્વખર્ચે વિમાન મુસાફરી, ટ્રેન મુસાફરી, બોટ મુસાફરી શાળા માટે દાનની સરવાણી, વ્યસન મુક્તિના કાર્યક્રમો, પર્યાવરણ બચાવવાના પ્રયત્નો, અનેક કાર્યક્રમનું સફળ સંચાલન, રાષ્ટ્રીય કામગીરીમાં યોગદાન, કન્યા કેળવણીમાં યોગદાન, સાંસ્કૃતિક વિરાસતની જાળવણી, આદર્શ શાળાનું નિર્માણ, શાળાની અનેકવિધ પ્રવૃત્તિઓ, સમાજ સેવાના કાર્યો, સ્વચ્છતા અભિયાનો, બીચ ફેસ્ટિવલના કાર્યક્રમો, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના અનેક કાર્યક્રમો, રાષ્ટ્રીય ધાર્મિક તહેવારોની ઉજવણીમાં યોગદાન, મતદાર જાગૃતિ તેમજ શિક્ષણ સાથે આરોગ્ય વિભાગ, મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ વિભાગ જેવા અનેક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ કામગીરીને ધ્યાને રાખી અને તેમને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે લખનભાઈ છગનભાઈ કાતરીયા ની વીશ વર્ષની અથાક શિક્ષણ યાત્રા, શાળાના શિક્ષકો ના સ્વખર્ચે વિમાન પમુસાફરી, ટ્રેન મુસાફરી, બોટ મુસાફરી શાળા માટે દાનની સરવાણી, વ્યસન મુક્તિના કાર્યક્રમો યોજાયા હતાં.

# ગ્રહોની ચાલ

## આજનું પંચાગ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

તા ૨૧.૧.૨૦૨૫ , મંગળવાર ,સંવંત ૨૦૮૧, પોષ વદ સાતમ, ચિત્રા નક્ષત્ર , ધ્રુતિ યોગ, બાલવ કરણ , આજે સવારે ૧૦.૦૨ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ દ કન્યા (પ ,ઠ ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે.

## કેવું રહેશે ચૈત્રી હિન્દૂ નવું વર્ષ

અગાઉ અત્રે લખ્યા ૩૦ માર્ચના મુજબ ચૈત્રી હિન્દૂ નવા વર્ષ સાથે સાથે છ ગ્રહોની યુતિ અને ગ્રહણ આવી રહ્યા છે જે દેશ અને દુનિયા માટે ઘણું કહી જાય છે. જળતત્વની મીન રાશિમાં છ ગ્રહોની યુતિ જલતત્વ વૃદ્ધિ કરનાર છે અને સમુદ્ર બાબતે વિશેષ કાળજી રાખવી પડે ખાસ કરીને સમુદ્રમાં યુદ્ધાભ્યાસ વધે અને સમુદ્રી સીમાને લગતા પ્રશ્નો થાય અને ચાંચિયાઓ ફરી સક્રિય થતા જોવા મળે વળી સમુદ્રથી પૃથ્વી પર આપદાથી સાવચેત રહેવું પડે તો ડ્રગ્સ માટે વધુને વધુ સમુદ્રમાર્ગનો ઉપયોગ થાય વળી આ વર્ષમાં કેટલીક જગ્યાએ દંગા અને આંતરવિગ્રહ જોવા મળે તો સીમા વિવાદો પણ ચરમસીમાએ રહે અને આતંકવાદ સક્રિય થતો જોવા મળે અને કેટલાક હાઈ



પ્રોફાઈલ વીલ વારસાના પ્રશ્નો અદાલતો ગજાવે. બે દેશ વચ્ચે કૂટનીતિની ભૂમિકા વિશેષ રહે અને જાસૂસીની ભૂમિકા અહમ રહે વળી આ વર્ષે નેટ દ્વારા મોટી સંસ્થાઓને હેક કરવામાં આવે અને મહત્વનો ડેટા લીક થતો જોવા મળે આ વર્ષમાં વ્યક્તિગત ડેટા પણ લીક થાય અને ઓનલાઈન ફ્રોડ વધતા જોવા મળશે. નવા વર્ષની કુંડળીમાં અષ્ટમ ભુવનમાં થતી આ છ ગ્રહોની યુતિ વૈશ્વિક સ્તરે અચાનક મોટા પરિવર્તન આપતી જોવા મળે વળી ઘણા દેશ આર્થિક સ્થિતિમાં પીછડતાં જોવા મળશે અને મોંઘવારી વધતી જોવા મળશે. દિગ્ગજ લોકોનું હોસ્પિટલ અને કારાવાસમાં જવું ચર્ચામાં રહેશે અને આ વર્ષમાં ઘણા મોટા ટ્રાન્સફોર્મેશન જોવા મળશે.

મેષ (અ,લ,ઈ) : તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય,જાહેરજીવનમાં સારું રહે. એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.
વૃષભ (બ,વ,ઉ) : કામકાજમાં વ્યસ્તતા રહે , મનમાં થોડી અશાંતિ જોવા મળે,બેચેની જેવું લાગ્યા કરે , મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્ત કરી શકો,શુભ દિન.
કર્ક (ડ,હ) :તમામ ભૌતિક સુખ સગવડ મળે,દિવસ આરામદાયક રહે.સ્ત્રીવર્ગને સારું રહે. વેપારીવર્ગને મધ્યમ.
સિંહ (મ,ટ) : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,નવા કાર્યમાં આગળ વધી શકો. ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.
કન્યા (પ ,ઠ ,ણ ) : તમારા સૌમ્ય વાણી વર્તન થી લાભ થાય,લોકો તમારી સલાહ માને અને આદર આપે , આગળ વધી શકો.
તુલા (ર,ત) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો ,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન ,ય ) : ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસા નું આયોજન કરવું જરૂરી છે.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સગા સ્નેહી મિત્રો થી સારું રહે,અન્યની મદદ થી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
મકર (ખ ,જ ) : કામકાજ માં સફળતા મળે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે,શુભ દિન.
કુંભ (ગ ,સ,શ ) :અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,પ્રગતિ થાય.
મીન (દ ,ચ ,ઝ ,થ):માનસિક ટેન્શન રહ્યા કરે,કામ માં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નો નું નિરાકરણ કરવામાં સમય વીતે.

# અમરેલી જિલ્લામાં પાંચ સ્થળોએ દેશી દારૂના દરોડા પાડી મુદામાલ સાથે ચારને ઝડપી લીધા

## જીલ્લામાં જુદા જુદા આઠ સ્થળોએથી નશો કરી ઢીંગલી થયેલા આઠ ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી જીલ્લામાં પોલિસે જુદા જુદા પાંચ સ્થળોએ દેશીદારૂના દરોડાઓ પાડી ચાર શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.ખાંભા પોલિસે મોટા સરાકડીયા ગામે પશ્ચિમ દિશામાં જંગલમાં જડીયાવાળા નેરામાં પો.કોન્સ.કિશોરભાઈ ખાચરે સંજય બહાદુરચાવડાને દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા દેશીદારૂ ૨૦ લીટર રૂા.૪૦૨૦ તથા ૨૫ લીટર દેશી દારૂ રૂા.૫૦૦૦, આથો ૧૦૦ લીટર રૂા.૨૫૦૦, બળેલ વોશ તથા ભઠ્ઠીના જુદા જુદા સાધનો હોન્ડા પેશન જી.જે.૫ બી.એચ. ૯૧૧ રૂા.૧૫,૦૦૦ તથા મોબાઈલ રૂા.૩૫૦૦ મળી કુલ રૂા.૩૦,૨૭૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો. જાફરાબાદ મરીન, ચલાલા, અમરેલી રૂરલ, ખાંભા, સાવરકુંડલા ટાઉન પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જયારે જીલ્લામાં જુદા જુદા ૮ સ્થળોએથી પોલિસે ૮ શખ્સોને નશો કરી ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલ્યા હતા.જેમાં લાઠી, રાજુલા, અમરેલી રૂરલ, લીલીયા, નાગેશ્રી પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ગોંડલમાં કોળી સમાજના ઈષ્ટદેવ માંધાતાનો પ્રાગટય દિન ઉજવાયો

## મકરસંક્રાતિએ શોભાયાત્રામાં ૧૫ હજારથી વધુ લોકો જોડાયા



અમરેલી,ગોંડલમાં કોળી સમાજના ઈષ્ટદેવ માંધાતાદેવનો પ્રાગટય દિવસ મકરસંક્રાતના ઉજવવામાં આવ્યો હતો.જેમાં યોજાયેલ શોભાયાત્રામાં ૧૫ હજારથી વધુ લોકો જોડાયા હતા.શોભાયાત્રા દરમ્યાન ભોજન સમારંભ અને સન્માન સમારંભ યોજાયો હતો.જેમાં ગોંડલના ભુપતભાઈ એમ.ડાભીનું અમરેલી જીલ્લા કોળી સમાજના પ્રમુખ રમેશભાઈ ગોહિલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# અમરેલીનાં ડો. એલ. એલ. બાવળીયાનાં સાસુનું નિધન

## બાવળીયા પરિવારમાં ઘેરો શોક : ગુરૂવારે સદગતનું બેસણું



અમરેલી,

અમરેલીનાં જાણીતા ડો.એલ.એલ.બાવળીયાના સાસુનું નિધન થતા અમરેલી અને ધજાળા પંથકમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. અમરેલીનાં જાણીતા ડો.લાખાભાઈ લઘુભાઈ બાવળીયાનાં ધર્મપત્નિ શ્રી જનુબેનનાં માતુશ્રી સ્વ.અમજીબેન મનજીભાઈ કુકડીયા ઉ.વ.૮૬ નું તા.૨૦ નાં રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૨૩ ગુરૂવારે સાંજે ૪ થી ૬ અમરેલી અને સાસરી પક્ષનું બેસણું ધજાળામાં તા.૨૪-૧-૨૫ શુક્રવાર તથા સદગતની ઉતરક્રિયા, પાણીઢોલ તા.૨૬-૧-૨૫ રવિવારે અમરેલી નિવાસ સ્થાન બ્લોક નં.૧૧, મહાદેવ જલારામનગર ૧, હનુમાનપરા રોડ, અમરેલી રાખેલ છે. તેમ ડો.લાખાભાઈ બાવળીયા, જનુબેન બાવળીયા, ડો.ભરત બાવળીયાએ જણાવ્યું છે.

# અમરેલી માતુશ્રી મોંઘીબા મહિલા કોલેજનો એનએસએસ કેમ્પ યોજાયો

## માલવીયા પીપરીયામાં સફાઈ, પ્રભાતફેરી, વૃક્ષારોપણ, પર્યાવરણ ઝુંબેશ , ભીતસુત્રો, વિવિધ રમત ગમત સહિત કાર્યક્રમો



અમરેલી,અમરેલી જીલ્લા વિધાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ તથા સૌરાષ્ટ્ર યુનિ. એન. એસ. એસ. વિભાગના સંયુકત ઉપક્રમે તા.૨-૧-૨૫ થી ૮-૧-૨૫ દરમ્યાન માયાપાદર મુકામે ૭ દિવસની આવાસી શિબીરનું આયોજન થયું હતુ.આ શિબીરમાં કોલેજમાં અભ્યાસ કરતી ૩૮ વિધાર્થીનીઓએ સાત દિવસ રોકાયને એન.એસ.એસ.કો-ઓર્ડીનેટર પ્રા.ડો. અરૂણાબેન પટેલ,પ્રા.નયનાબેન જોશી, સહસંયોજક ડો.નીરૂપાબેન ટાંકના માર્ગદર્શનમાં ગ્રામસફાઈ, પ્રભાતફેરી, વૃક્ષારોપણ, પર્યાવરણ ઝુંબેશ,અવેડાની સફાઈ,ભીતસુત્રો,વૃક્ષોને રંગ,બૌધિક વ્યાખ્યાનો,તેમજ પ્રાથમિક શાળામાં વિવિધ રમત ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.તેમજ શિબીરાર્થી બહેનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.સાત દિવસના કેમ્પ દરમ્યાન અમરેલી જીલ્લાના શાંતાબા મેડીકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલના કોમ્યુનીટી મેડીસીન વિભાગ દ્વારા આરોગ્ય ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો અને શિબીરાર્થી બહેનોના શરદી, ઉધરસ, તાવ, હીમોગ્લોબીન, બીપી, ડાયાબીટીસ વગેરે જનરલ ચેકઅપ કરવામાં આવ્યું હતુ.અને ડોકટરોએ ગ્રામજનોને આરોગ્ય પ્રત્યે જાગૃત કર્યા હતા .નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટમાં કાર્યરત તમન્ના ટ્રસ્ટમાંથી ડો.હનીફભાઈ ઉપસ્થિત રહયા હતા.જેમાં બહોળી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો હતો.આંખોનો ચેકઅપ કરી રાહતદરે ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું.અને આંખોના મહત્વ વિશે સમજણ આપી હતી.એન.એસ.એસ.સમાપન સમારોહમાં અતિથિ વિશેષ પદે માલવીયા પીપરીયા ગામના સરપંચ દયાબેન મુલાણી,પ્રાથમિક શાળાના આચાર્ય વસંતબેન આંબલીયા, એસ.એમ.સી. કિરણબેન મુલાણી, રેસીડેન્સી મધુભાઈ માલવીયા, વિપુલભાઈ માલવીયા,મહેન્દ્રભાઈ મુલાણી તથા કોલેજ સ્ટાફ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

## સુડોકુ નં. ૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | | | 6 | | |
| | 2 | | 7 | | 6 | | 4 | |
| | 7 | 3 | 5 | | 2 | 8 | 9 | |
| | 1 | | | 6 | | | 7 | |
| | | | 4 | | 9 | | | |
| | 5 | | | 1 | | | 3 | |
| | 8 | 1 | 9 | | 3 | 7 | 6 | |
| | 3 | | 2 | | 4 | | 1 | |
| | | 5 | | | | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે જે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત જ ખાનાથી કરો જ્યાં આંકડાં લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૭ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 8 | 1 | 6 | 4 | 9 | 3 | 7 |
| 9 | 1 | 6 | 7 | 5 | 3 | 8 | 2 | 4 |
| 4 | 7 | 3 | 2 | 8 | 9 | 1 | 5 | 6 |
| 7 | 3 | 9 | 6 | 1 | 5 | 4 | 8 | 2 |
| 5 | 2 | 1 | 9 | 4 | 7 | 3 | 6 | 8 |
| 8 | 6 | 4 | 3 | 2 | 5 | 7 | 9 | 1 |
| 1 | 9 | 5 | 4 | 7 | 2 | 6 | 8 | 3 |
| 3 | 4 | 7 | 8 | 9 | 6 | 2 | 1 | 5 |
| 6 | 8 | 2 | 5 | 3 | 1 | 4 | 7 | 9 |

# અમરેલીમાં ભારે વાહનોના પ્રતિબંધિત જાહેરનામાનો ભંગ કરતા ગુનો નોંધાયો

## જાહેરનામુ હોવા છતા અવર જવર કરતા ગુનો દાખલ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી સીનીયર સીટીઝન પાર્ક નજીક ભારે વાહનોના શહેરમાં પ્રવેશ અવર જવર અને માર્ગો ઉપર અડચણરૂપ પાર્ક કરવા સવારના ૬ થી રાત્રિના ૧૦ સુધી પ્રતિબંધિત જાહેરનામાનો ભંગ કરતા ઉનાના બસીર મહમદભાઈ કુરેશી સામે જીલ્લા ટ્રાફીક શાખાના પો. કોન્સ. ધરમભાઈ રાઠોડ કાર્યવાહી હાથ ધરી હતી.

# લીલીયાનાં બોડીયા ગામ નજીક ગાગડીયો નદીમાં હીટાચી મશીનમાંથી ડિઝલ ચોરાયું

## કોઈ શખ્સ ૪૨૦ લીટર ડીઝલ રૂા. ૩૮, ૨૨૦ નું ચોરી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

લીલીયા તાલુકાના બોડીયા ગામ પાસે આવેલ ગાગડીયા નદીમાં નદી ઉંડી ઉતાર માટે ધોળકીયા ફાઉન્ડેશન દ્વારા કામ શરૂ હોય.અને નદીમાં ખોદાણ કામ કરતા હોય.જે ખોદાણ કામ કરતા કુલ ૩ હીટાચી મશીનની ટાંકીમાંથી કોઈ શખ્સ ૪૨૦ લીટર ડીઝલ રૂા.૩૮,૨૨૦ ની કિંમતનું ચોરી ગયાની સુપરવાઈઝર સુરેશભાઈ વેલજીભાઈ આકોલીયાએ લીલીયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલામાં બેકારીથી કંટાળી ગળાફાંસો ખાઈ જતા યુવાનનું મોત

## કામધંધો મળતો ન હોય તેની ચિંતામાં પગલું ભર્યાનું જાહેર કરાયું

અમરેલી,

સાવરકુંડલા મફતપરા સ્મશાન પાછળ રહેતા કિશનભાઈ ધનજીભાઈ મકવાણાને કામધંધો મળતો ન હોય.અને તેની ચિંતામાં રહેતા હોય.જેથી પોતાના ઘરે પોતાની મેળે ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું જયેશભાઈ પરષોતમભાઈ મકવાણાએ સાવરકુંડલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# રાજુલા સંઘવી શાળા નં. ૪માં બટુક ભોજન કરાવાયું

## આચાર્યની તિથિ નિમિતે બટુક ભોજનનું આયોજન

રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા સંજય પ્રાથમિક શાળા નંબર ૪ માં આચાર્યની યાદમાં બાળકોને ભોજન આવ્યું હતુ અને સ્વર્ગસ્થ આચાર્યના સ્મરણો વાગોળવામાં આવ્યા હતા . જાણવા મળતી વિગત મુજબ રાજુલા સંઘવી પ્રાથમિક શાળા નંબર ચારના ભૂતપૂર્વ આચાર્ય અને આ શાળાના સ્વપ્રદ્રષ્ટા સ્વ. જીતુભાઈ છનાભાઈ બોરીચા ની યાદમાં આજરોજ બોરીચા પરિવાર દ્વારા આ શાળાના ૩૦૦ બાળકોને તિથિ ભોજન



કરાવવામાં આવ્યું હતુ બાળકોએ પૂર્વ યાદમાં આચાર્યના સ્મરણોને વાગોળ્યા હતા. આ તકે બોરીચા પરિવારના છનાભાઈ બોરીચા તેમજ સુરેશભાઈ બોરીચા અને હાલના ઈન્ચાર્જ આચાર્ય સંજયભાઈ આદ્રોજા ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા નજીક અવાવરૂ ટાંકામાં પડેલ રેઢીયાળ ખુટીયાને બહાર કાઢી બચાવાયો



સાવરકુંડલા, (સૌરભ દોશી)

સાવરકુંડલા જેસર રોડ પર આવેલા ગિરીબાપુ કથાકાર ના બંગલા પાછળ એક પાણીના અવાવરું ટાંકામાં રેઢિયાળ ખૂટીયો પડી ગયેલ તેમની જાણ ગૌસેવક વિમલભાઈ કુંડલીયા ને થતા તેમણે તેમના મિત્ર પિયુષભાઈ મશરૂ તથા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને જાણ કરતા મેહુલભાઈ ત્રિવેદીએ નગરપાલિકા તરફથી સંપૂર્ણ રેસ્ક્યુ ટીમ મોકલેલ અને એ રેસક્યુ ટીમ દ્વારા ખૂટયાનો સલામત રીતે બચાવ કરેલ આ તકે હાજર જયરાજભાઈ ખુમાણ અજીતભાઈ ખુમાણ પ્રદીપભાઈ ખુમાણ નિર્મલભાઈ ખુમાણ તેમજ ગોવિંદભાઈ નાકરાણી વિમલભાઈ કુંડલીયા પિયુષભાઈ મશરૂ તેમજ ત્યાંના રહેવાસીઓ દ્વારા હર્ષની લાગણી દર્શાવેલ અને નગરપાલિકાનો તેમજ ટીમનો આભાર માન્યો હતો.

# બગસરામાં મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

બગસરામાં શાંતિનિકેતન સોસાયટીમાં રહેતા પાયલબેન ધર્મેશભાઈ બોરડનો રીયલમી કંપનીનો રૂા.૩૦૦૦ ની કિમતનો મોબાઈલ પડી જતા કોઈ ચોરી ગયાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૧૫ થી ૧૫૨૦ મગફળી ૮૦૦ થી ૧૧૪૩

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૪૦-૧૧૪૮
શિંગમોટી-૮૦૦-૧૧૪૩
શીંગફાડા-૧૦૨૦-૧૩૦૬
તલસફેદ-૧૫૦૦-૨૨૭૧
તલકાશ્મીર-૨૫૦૦-૨૭૧૫
મગ-૯૦૦-૧૦૮૫
ઘઉંટુકડા-૫૭૨-૬૭૫
ઘઉંલોકવન-૫૮૦-૬૫૬
ચણા-૮૫૧-૧૨૦૦
કપાસ-૯૧૫-૧૫૨૦
ધાણા-૭૫૦-૧૪૧૫
સોયાબીન-૬૯૫-૮૨૭
અડદ-૯૮૦-૧૩૮૫
એરંડા-૯૦૦-૧૨૧૩
મરચાલાંબા-૪૭૦-૩૦૨૦
જીરૂ-૩૫૫૦-૪૪૨૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૦૦
રીંગણા-૩૪૦-૫૪૦
કોબીઝ-૭૦-૨૦૦
ટમેટાં-૮૦-૧૦૦
સુરણ-૧૦૦૦-૧૨૦૦
ફોદીનો-૫૦૦-૬૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૪૨૦-૫૫૦
કાકડી-૩૪૦-૬૫૦
ગુવાર-૮૦૦-૧૪૦૦
દુધી-૧૦૦-૩૨૦
તુરીયા-૬૪૦-૧૦૦૦
ભીડો-૫૦૦-૮૦૦
આદુ-૭૦૦-૭૫૦
કોથમીર-૨૦૦-૪૦૦
મેથીભાજી-૨૦૦-૩૪૦
ટીંડોરા-૪૦૦-૫૦૦
લીમડોમીઠો-૩૩૦-૩૫૦
મરચાલીલા-૪૦૦-૮૦૦
મુળા-૧૦૦-૧૫૦
લીંબુ-૮૦૦-૧૦૪૦
પાલક-૨૨૦-૩૨૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૦૨-૬૦૨
સોયાબીન-૭૬૧-૭૯૧
ઘઉં-૫૬૦-૭૧૫
જુવાર-૫૧૦-૮૧૯
કપાસ-૧૨૫૦-૧૫૨૫
તલસફેદ-૨૨૮૧-૨૩૭૧
અડદ-૧૦૦૦-૧૦૦૦
મગ-૧૧૦૦-૧૨૦૦
શીંગ-૭૫૧-૧૦૮૧
ચણા-૧૦૧૦-૧૧૭૬

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૮૧-૭૫૦
ડુંગળીલાલ-૧૫૦-૫૦૧
તલસફેદ-૧૯૫૧-૨૧૫૨
અડદ-૯૯૬૦-૧૯૮૦
સોયાબીન-૮૦૫-૮૫૧
ચણા-૯૦૦-૯૦૦
ડુંગળીસફેદ-૨૭૧-૪૬૪
શીંગ-૧૧૦૦-૧૩૦૧
બાજરી-૫૮૦-૭૨૨
જુવાર-૪૮૫-૯૦૧
નાળીયેર-૫૦૨-૨૪૭૮

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૨૦-૧૫૨૫
ઘઉં-૫૨૦-૬૦૦
મગફળી-૧૦૪૯-૧૧૫૧
અડદ-૧૧૩૦-૧૪૦૦
તુવેર-૧૨૪૦-૧૫૮૦
મગફળીબી.ટી.-૯૪૯-૧૦૭૧
કપાસમીડીયમ-૧૨૪૦-૧૪૦૦
ચણા-૧૦૫૦-૧૧૫૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-
ચણા-
મગફળી-
સોયાબીન-
શીંગદાણા-
તુવેર-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૭૦-૧૧૧૫
શીંગમોટી-૧૦૪૦-૧૧૩૫
તુવેર-૧૩૫૦-૧૬૦૪
તલસફેદ-૧૭૯૦-૨૧૬૪
કપાસ-૧૩૫૦-૧૪૮૦
ઘઉંલોકવન-૬૦૦-૬૭૨
જીરૂ-૪૦૦૦-૪૨૦૦
ઘઉંટુકડા-૬૨૧-૬૮૬
ચણા-૧૦૦૦-૧૨૨૧
સોયાબીન-૭૫૦-૮૦૦
એરડી-૧૧૯૮

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૬૦-૧૪૯૨
મગફળી-૧૦૪૧-૧૦૬૦

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૩૦૯-૧૪૬૩

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૦૦-૧૪૭૮
ચણાસફેદ-૧૧૫૦-૧૧૮૫
મગફળી-૭૮૦-૮૮૦
શીંગદાણા-૧૧૦૦-૧૧૦૦
સોયાબીન-૫૦૦-૭૮૦
ઘઉં-૫૫૬-૬૨૦
ચણાચોલે-૨૧૦૦-૨૧૦૦
અડદ-૧૦૦૦-૧૦૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-
દાડમ-
મુસંબી-
અંગુર-
કીવી-
ડ્રેગન ફ્રુટ-
અનાનસ-
જામફળ-
કેળા-
પોપૈયા-
બોર-
સફરજન કાશ્મીર-

## અમરેલી આજનું તાપમાન

મહ ।મ તાપમાન-૩૩.૨
ન્યુનતમ તાપમાન -૧૫.૪
ભેજનું પ્રમાણ -૮૩
પવનની ગતિ સરેરાશ -૨.૫

### ધારાસભ્ય અને જીલ્લા પંચાયત સભ્યની ગ્રાન્ટમાંથી

# લાઠીના નાના રાજકોટમાં વિવિધ વિકાસ કામોનું ખાતમુહુર્ત કરાયું

### ભાજપ અગ્રણી શ્રી જીતુભાઈ ડેરના હસ્તે બ્લોક, ગટર, પાઈપ કામનો શુભારંભ



અમરેલી,લાઠીના નાના રાજકોટમાં ધારાસભ્ય તથા જીલ્લા પંચાયત સદસ્યની રૂા.૧૧ લાખની ગ્રાન્ટમાંથી પેવીંગ બ્લોક ગટર પાઈપ લાઈન કામનો શ્રીજીતુભાઈ ડેરના હસ્તે પ્રારંભ કરવામા આવ્યો હતો.આ પ્રસંગે શ્રી પરેશભાઈ કનાળા,સરપંચ ભુરાભાઈ કાકડીયા,ભુપતભાઈ મારૂ,બોઘાભાઈ કનાડા,કનુભાઈ સાચાણી,કાનાભાઈ આંબાભાઈ ,ભુરાભાઈ,શીવાભાઈ ગોહિલ સહિત ઉપસ્થિત રહયા હતા.

### રેડીયોલોજીસ્ટ ડો. શૈલા લલીયા દ્વારા અનન્ય સેવા

# સાવરકુંડલામાં ડો. શૈલા લલીયાની હોસ્પિટલની મુલાકાત લઇ આશિવર્ચન આપતા પૂ. મોરારીબાપુ

### નોવા ઈમેજીંગ સેન્ટરની મુલાકાત લઇ પૂજ્ય શ્રી મોરારીબાપુ પ્રભાવિત બન્યાં




અમરેલી,સાવરકુડલા મુકામે લલુભાઈ શેઠ આરોગ્ય કેન્દ્ર ખાતે વિવિધ પ્રકોલ્પોના ખાત મુહૂર્ત કરવા પધારેલા વિશ્વવંદનીય સંત પૂ.મોરારિબાપુએ સાવરકુડલાના ખ્યાતનામ રેડીયોલોજીસ્ટ ડો.શૈલા લલિયાના વોવા ઈમેજીંગ સેન્ટર ની લઈને ડો.શૈલા લલિયાને જીવનમાંહજુ પણ વધારે પ્રગતિ કરીને ગરીબ અને જરુરીયાતમંદ દર્દીઓની સેવા કરો તેવા આશીર્વાદ આપ્યા હતા. ડો.શૈલા લલિયા મેડીકલમા અભ્યાસ કરતા ત્યારથીજ પૂ.બાપુના તેમના પ્રત્યે આશીર્વાદ રહેલા છે. આ અગાઉ પણ પૂ.બાપુએ તેમનું સન્માન કરીને આશીર્વાદ આપ્યા હતા.ડો. શૈલા પણ તેમના નોવા ઈમેજીંગ સેનેટરમાં સોનોગ્રાફી, કલર ૩ઘ, ૪ઘ, ડીઝીટલ ઠઈચઅ સહિતના મેડીકલ ટેસ્ટો મા નોર્મલ ચાર્જ કરીને લોકોની સેવા કરે છે. ગરીબ અને જરુરીયાતમંદ લોકો ને વિનામૂલ્યે સેવા આપીને તેમના દાદા દાઉદભાઈ લલિયા ના સેવા કાર્યોને આગળ વધારી રહી છે. પૂ. બાપુના આશીર્વાદ લલિયા પરિવાર ઉપર કાયમ રહ્યાં છે. મુલાકાત સમયે પૂ.ભક્તિરામબાપુ , માનવ સારકુડલાના જાણીતા ડો. પીપળીયા, ડો.સમીર સંવટ સહિત લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# સુરતના વરાછામાં તિજોરી બનાવવાના ગોડાઉનમાં ધડાકાભેર બ્લાસ્ટ થતા લોકોમાં ફફડાટ મચ્યો

સુરત,
પતરાંનો શેડ હોવાથી ગણતરીની મિનિટોમાં આખેઆખું ગોડાઉન આગની લપેટમાં આવી ગયું સુરતમાં એક ગોડાઉનમાં બ્લાસ્ટ સાથે આગ ફાટી નીકળતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. આ બનાવની વિગત મુજબ વરાછા વિસ્તારમાં દુખિયાના દરબાર પાસે આવેલા વૈભવ રેસિડેન્સી નજીકના ગોડાઉનમાં આગ બાદ ગેસ-સિલિન્ડર બ્લાસ્ટ થયું હતું. ગોડાઉનમાં કેમિકલ હોવાના કારણે આગ એટલી હદે વિકરાળ બની હતી કે બે કિલોમીટર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા ઊડતા દેખાયા હતા. ગેસ-સિલિન્ડર બ્લાસ્ટ થતાં આગનો વીડિયો ઉતારનારી વ્યક્તિ પણ હચમચી ગઈ હતી. ઘટનાને પગલે લોકોમાં અફરાતફરી જોવા મળી હતી. પતરાંનો શેડ હોવાથી ગણતરીની મિનિટોમાં આખેઆખું ગોડાઉન આગની લપેટમાં આવી ગયું હતું. ફાયરબ્રિગેડને જાણ કરાતાં ત્રણ ફાયર સ્ટેશનની ગાડી સ્થળે દોડી ગઈ હતી.મોટા વરાછાના વૈભવ રેસિડેન્સી પાસે ગોડાઉનમાં સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. ગ્રાઉન્ડ પર જ પતરાંના શેડ નાખીને આ ગોડાઉન ચલાવવામાં આવતું હતું, જેમાં લોખંડની તિજોરી બનાવવાનું કામ કરવામાં આવી રહ્યું હતું. આજે સવારના સમયે એકાએક જ બ્લાસ્ટ થતાં આસપાસના રહીશો ગભરાઈ ગયા હતા. ગેસ-સિલિન્ડર બ્લાસ્ટ ખૂબ જ પ્રચંડ હોવાને કારણે આજુબાજુના કાચ પણ તૂટી ગયા હતા. બ્લાસ્ટના અવાજથી ભલભલા ધ્રૂજી ગયા ઊઠ્યા હતાં. થોડી ક્ષણો માટે તો આસપાસના રહીશો પણ ઘરની બહાર દોડી આવ્યા હતા.આ અંગે ફાયર અધિકારી ધીરુભાઈ ચૌહાણએ જણાવ્યું હતું કે કોલ મળતાંની સાથે જ અમે ઘટનાસ્થળ ઉપર પહોંચ્યા હતા.

# સુરતમાં દિવ્ય શાકોત્સવ ઉજવાયો

### શ્રી સ્વામીનારાયણ સંતોની ઉપસ્થિતિમાં હરિભક્તો ઉમટ્યાં



વડિયા, (ભીખુભાઈ વોરા)શ્રી સ્વામિનારાયણ દિવ્યધામ અને પ પુ સદગુરૂ માનદ સ્વામી શ્રી રામકૃષ્ણ દાસજી આદિ સંત મંડળ ની સાથે ગુરૂ શિષ્ય ભાવથી જોડાયેલા વડિયા અને આજુબાજુના પ્રદેશ ના હરીભક્તો દ્વારા દિવ્ય શાકોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું આ તકે વડિયા સ્વામિનારાયણ મંદિર ના શાસ્ત્રી સ્વામી શ્રી આનંદ સ્વરૂપ દાસજી એ વ્યાસપીઠ પરથી હરીભક્તો ને સાહસ અને શુરવીરતા સાથે આધ્યાત્મિક જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું હતું જેમાં સંગીત ની સાથે ઉજવાયેલ આ ઉત્સવ મા આશરે ૩૨૦૦ હરીભક્તોએ સંતોના દર્શન પ્રસાદ અને આશિર્વચન નો લાભ લીધો હતો કાર્યક્રમ મા શાસ્ત્રી સ્વામી પ્રેમ સ્વરૂપ દાસજી કોઠારી સ્વામી નારાયણ પ્રસાદ દાસજી નિલકંઠ સ્વરૂપ દાસજી ઘનશ્યામ નગર મંદિર થી ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ચેતનભાઈ કાછડીયા, દુર્લભભાઈ ભુવા, મુકેશભાઈ શેઠ, રમેશભાઈ હિરપરા, ભીખુભાઈ માનસરા, રમેશભાઈ સોજીત્રા, આદિ ભક્તો એ તનમન અને ધન થી સહકાર આપી આ પ્રસંગ ને દિપાવ્યો હતો તથા આ પ્રસંગે સૂર્ય નગરી સુરતમાં દિવ્ય વાતાવરણ સર્જાયું હતું તેમ શાસ્ત્રી સ્વામી પ્રેમ સ્વરૂપ દાસજી એ જણાવ્યું હતું

# ધારી તાલુકા પ્રાથમિક શિક્ષકોનું અધિવેશન યોજાયું

### તાલુકા પ્રા. શિક્ષક સંઘ દ્વારા શૈક્ષણિક અધિવેશનમાં માર્ગદર્શન અપાયું



ચલાલા, (પ્રકાશ કારીયા)ધારી તાલુકા પ્રાથમિક શિક્ષકસંઘ દ્વારા શૈક્ષણિક અધિવેશન બી.એ.પી.એસ.સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયું.કાર્યક્રમમાં રાજ્યસંઘ ના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા મહામંત્રી શ્રી જૈમીનભાઈ પટેલ પૂ.દિનબધુંદાસ કોઠારી સ્વામી વિવેકસ્વામી જિલ્લાસંઘ ના પ્રમુખ અને રાજયના ખજાનચી મહેન્દ્રભાઈ વીંછીયા આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયા તાલુકા ઉપપ્રમુખ ભરતભાઈ અંટાળા અનુભાઈ લલીયા જીલા મહામંત્રી રસિકભાઈ મહેતા અને નિલેશભાઈ ઠુમર જિલ્લા ખજાનચી ધર્મેન્દ્રભાઈ ધાધલ તાલુકા ઘટક સંઘના પ્રમુખ અને મહામંત્રી તથા બહોળી સંખ્યામાં શિક્ષકભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમ માં હાજર મહાનુભાવો ને શિક્ષણ સાથે સંગઠન એકતા છેવાડા ના બાળકો શિક્ષણથી વછીત ના રહે તે બાબતે ભાર મુક્યો.સ્વામીએ સંસ્કાર સાથે શિક્ષણ અને વ્યંસન મુક્ત સમાજ વિશે વાત કરી. કાર્યક્રમ માં ૨૦૦૫ પહેલા ના શિક્ષકોનો પેન્શન યોજનામાં સમાવેશ થતા ૧૦ લાખ ૫૧ હજારનો ફાળો રાજ્યસંઘ ને આપ્યો. વિશિષ્ટ ક્ષેત્રમાં યોગદાન બદલ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું.તંદુરસ્ત હરીફાઈ અને ખેલદિલી જેવા સદગુણો ના વિકાસ માટે ક્રિકેટ ટુર્નામેન્ટ રાખેલ તેમની વિજેતા ટીમ પ્રેમપરાં શાળા અને રનર્સઅપ દેવળા શાળાની ટીમનું સન્માન કરવામાં આવ્યું.સમગ્ર કર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકા સંઘના પ્રમુખ પ્રતાપભાઈ બસિયા અને મહામંત્રી પ્રવિણભાઈ કસવાળા તથા મંડળીના પ્રમુખ દિલુભાઈ જેબલિયા મહામંત્રી મનસુખભાઈ વસ્તાની અન્ય શિક્ષકમિત્રો મમદભાઈ રાઠોડ મોહિતભાઈ લલીયા પરેશભાઈ પરમાર અશિષભાઈ તેજાણી બીછુભાઈ વાળા ભગીરથસિંહ ગોહિલ રસિકભાઈ મકવાણા ચીરાગભાઈ પંડિયા વિરલભાઈ દવે આશિષભાઈ દવે આશિષભાઈ તેજાણી નરેન્દ્રભાઈ વાળા નિલેશભાઈ મકવાણા પ્રવીણભાઈ માઢક જયપાલ ભાઈ વાળા અતુલભાઈ કાથરોટીયા હરેશભાઈ જેબલિયા નારાયણભાઈ સતાસિયા તથા તમામ કારોબારી અને શિક્ષકમિત્રોએ જેહમત ઉઠાવેલ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ઉમેશભાઈ ચાવડા અને જીજ્ઞેશભાઈ ગોસ્વામી એ કરેલ છે. તેમ પ્રકાશ કારીયા એ જણાવેલ છે.

### ૩ કિ.મી.નો રોડ બાકી રખાતા લોકોને મુશ્કેલી

# જાફરાબાદનાં સરોવડા ભટ્ટવદર રોડ બનાવવા માંગણી

### રોડ પુરો કરવા કારોબારી ચેરમેન અને સરપંચોએ ધારાસભ્યને રજુઆત કરી

રાજુલા,(કનુભાઈ વરૂ)
જાફરાબાદ તાલુકાના છેવાડાના જે જાફરાબાદ થી ૨૫ કિલોમીટર દૂર થતા એવા બક્ષીપંચના બંને ગામોની સંયુક્ત ગ્રામ પંચાયત છે તાલુકાના સૌથી નાના બંને ગામો છે અને વર્ષોથી ભાજપ સાથે સંકળાયેલા છે સરોવરડા અને ત્રણ કિ.મી નો રસ્તો છે તે પણ સંપૂર્ણ કાચો છે ૨૦ વર્ષથી લોકો આ રસ્તામાં હેરાન પરેશાન થાય છે અને પાંચ કિલોમીટર ફરવા ભટવદર થી બારપટોળી થી સરોવરડા ૬ કિલોમીટર ફરવા જવું પડે છે ત્યારે જ ચોમાસામાં વાહન લઈ અને જઈ શકાય છે અને ચોમાસામાં રસ્તો સંપૂર્ણ બંધ થઈ જાય લોકોને ફરવા જવું પડે છે આ પ્રશ્ન દર વખત રજૂઆત કરવામાં આવે તો કહેવામાં આવે છે કે આખા તાલુકામાં માત્ર કાચા રસ્તા બે ગામડાના રસ્તા લેવામાં આવે છે મેટલિંગ રોડ હોય તો કહો બાકી નોન પ્લાન રસ્તા વર્ષે એકવાર જ દેવામાં આવે છે જેના કારણે ૨૦ વર્ષ ચાલ્યા ગયા હેરાન પરેશાન થાય છે કેમ કે ગામ પંચાયત દોનો એક હોવાથી દરરોજ એકવાર લોકોને આવન જાવન લા જવાનું હોય છે ત્યારે ગામના આગેવાનું કહે છે કે અમે સાંસદ શ્રી નારણભાઈ ની ચૂંટણીમાં પણ બહિષ્કાર કર્યો હતો અને મત નહી દઈએ ત્યારે નારણભાઈએ બપોરે ૨:૦૦ વાગ્યે કીધું કે તમારો રસ્તો બનાવી એ વાતને પણ પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા તાજેતરમાં એક વર્ષ પહેલા સરપંચ જયેશભાઈ જોડીયા છે લેખિત સંબંધિત સત્તાવાળાઓને પત્ર પાઠવ્યા પણ કોઈ જવાબ મળ્યો નહીં. તાજેતરમાં ગામના જયેશભાઈ સરપંચ શ્રી અને જાફરાબાદ કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા વગેરે ધારાસભ્ય હીરાભાઈ ની કાર્યાલયમાં ગઈકાલે તેમના પીએ કાનાભાઈ ને લેખિત રજૂઆત આપી રોડ કરવામાં આવે તો ચોમાસામાં સંપૂર્ણ લોકો હેરાન પરેશાન ન થાય જેથી બંને ગામના લોકોને આ માંગણી છે તેમજ બીજો રસ્તો નવી બારપટોળી થી સોતરા પણ ભયંકર બીમાર થઈ ગયેલો અને દસ વર્ષ પૂર્ણ થયા પરંતુ હજી ફરીથીડા મર રોડ કરવામાં આવતો નથી તે રોડ પણ ડામર કરવા બંને માંગણી છે તેમજ સરોવરડા થી નાના બારમણ ત્રણ તાલુકાના રોડ તો કાચો રસ્તો છે તે પણ ડામરમાં લેવામાં આવતો નથી તો સત્વરે ત્રણેય રોડ લેવા આજુબાજુના પાંચ ગામના સરપંચોની માંગણી છે.

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિ.નો વેસ્ટઝોન હેન્ડબોલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

### સ્પર્ધામાં ૬૪ ટીમોએ ભાગ લીધો જેમાંથી શ્રેષ્ઠ ચારની ટીમ પસંદ



અમરેલી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ના યજમાન પદે યોજાયેલ વેસ્ટઝોન ઈન્ટર યુનિવર્સિટી હેન્ડબોલ (ભાઈઓ) ની સ્પર્ધા યોજાઈ હતી. તેમાં કુલ ૬૪ ટીમોએ ભાગ લીધો હતો. તેમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની હેન્ડબોલ (ભાઈઓ)ની ટીમે ઉત્કૃષ્ટ દેખાવ કરી પૂલ સી માં પ્રથમ સ્થાન મેળવ્યુ હતુ. અને ચાર ટીમોમાં સ્થાન પ્રાપ્ત કરીને ઓલ ઈન્ડિયા વેસ્ટઝોન ઈન્ટર હેન્ડબોલ (ભાઈઓ) યુનિવર્સિટી હેન્ડબોલ (ભાઈઓ)ની સ્પર્ધા માટે ક્વોલીફાઇ કર્યુ હતુ.

ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ હેન્ડબોલ ટીમને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિશ્રી ડો. મનિષ રાવલ અને યુનિવર્સિટીના ફીઝીકલ એજ્યુકેશનના ડાયરેક્ટર પ્રો. (ડો.) રણછોડ રથવી અને સમગ્ર સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી પરીવારે અભીનંદન પાઠવ્યા હતા. અને ઓલ ઈન્ડીયા માટે શુભેચ્છા આપી હતી.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના હેન્ડબોલ ટીમના કોચ મેનેજર તરીકે ડો. અજય દેસાઇ અને શ્રી સંજય પટેલ એ સેવા આપી હતી. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના હેન્ડબોલ ટીમના સભ્ય નીચે પ્રમાણે હતા. ૧. રબારી જેતાભાઈ ૨. દાનિશ ૩. વહોરા નદીમભાઈ ૪. વણકર જયમીનકુમાર ૫. રાણા પૃથ્વીરાજસિંહ ૬.ગીરીશ કુમાર ૭. ભીલ દિવ્યાંગકુમાર ૮ ગોહીલ ધર્મેશસિંહ ૯. અંજના ભાવેશભાઈ ૧૦. મચ્છર મહેશ ૧૧.વહુનીયા અજયભાઈ ૧૨. ઝાલા જયપાલસિંહ.

### અમરેલી જિલ્લા કલેકટર શ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને

# જિલ્લા સંકલન-ફરિયાદ નિવારણ, જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઇ

### બેઠકમાં સાવરકુંડલા પ્રાંત અધિકારીશ્રીએ, જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનના સુચારૂ આયોજન કરવા માટે તૈયારીઓ અંગે વિગતો આપી

અમરેલી, અમરેલી જિલ્લા કલેકટર શ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ અને અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં ધારાસભ્યશ્રી તેમજ જિલ્લાના અધિકારીશ્રીઓ સમક્ષ સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેકટર શ્રી દ્વારા સૂચિત જંત્રી દર અંગેની કામગીરીનું પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતુ. સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ વિવિધ કચેરીઓના અધિકારીશ્રીઓને જરુરી દિશાદર્શન આપ્યું હતું. સાવરકુંડલા પ્રાંત અધિકારી શ્રીએ, જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનના સુચારુ આયોજન અને તૈયારીઓ અંગે વિગતો આપી હતી. જિલ્લા કલેકટર શ્રીએ જિલ્લાની વિવિધ વાજબી ભાવની દુકાનના લાયસન્સની કાર્યવાહી કરવા સૂચના આપી હતી. સમગ્ર બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર શ્રી દિલિપસિંહ ગોહિલે કર્યુ હતુ. આ બેઠકમાં સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા, જિલ્લા પોલીસ વડાશ્રી સંજય ખરાત, શેત્રુંજી નાયબ વન સંરક્ષક શ્રી રાજદીપસિંહ ઝાલા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી જાડેજા, પ્રાંત અધિકારીશ્રીઓ, પંચાયત, આરોગ્ય, શિક્ષણ, વાસ્મો, પાણી પુરવઠા, જળસિંચન, વન, પોલીસ, એસ.ટી., નગરપાલિકા તેમજ વિવિધ કચેરીઓના અધિકારીશ્રીઓ, કર્મયોગીશ્રીઓ સહિતનાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોટા આંકડીયામાં ડાક ચોપાલ યોજાશે

અમરેલી,
ભારતીય ટપાલ વિભાગ દ્વારા વિવિધ જન કલ્યાણકારી યોજનાઓ નો વ્યાપ છેવાડાના લોકો સુધી પહોંચે એવા ઉમદા હેતુથી ટપાલ વિભાગ દ્વારા સમયાંતરે ઝુંબેશ ચલાવવામાં આવે છે જેના ભાગરૂપે પ્રજાસત્તાક દિન પૂર્વે સપ્તાહમાં વિવિધ બચત યોજનાઓ વીમાઓ અને વિવિધ ભારતીય ટપાલ વિભાગની સેવાઓ ની જાણકારી અને લોકોને સરળતાથી સેવા મળે એવા આશ્રયથી મોટા આંકડિયા પોસ્ટ ઓફિસ ખાતે તારીખ ૨૦ ૧ ૨૦૨૫ થી ૨૫ ૧ ૨૦૨૫ દરમિયાન ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે જેમાં મોટા આંકડિયા પોસ્ટ દ્વારા શેરી મીટીંગ માઈક દ્વારા સંગીતમય શૈલીમાં પ્રચાર પ્રસાર કરાશે અને ઘરે ઘરે જઈને લોકોને પોસ્ટ ખાતા ની વિવિધ યોજના ની જાણકારી અને હેતુઓ જણાવશે તથા સ્થળ ઉપર જ ખાતા ખોલવાની અને અન્ય સેવાઓ આપશે તથા તારીખ ૨૬ ૧ ૨૦૨૫ ના રોજ નિયત સમયે ધ્વજવંદન કરી ડાક ચોપાલ નું આયોજન મોટા આંકડિયા પોસ્ટ ઓફિસ દ્વારા કરવામાં આવ્યું છે જેથી આ સમગ્ર યોજનાઓનો બહોળી સંખ્યામાં ગ્રામજનો લાભ તથા પધારવા ઈન્ચાર્જ સબ પોસ્ટમાસ્તર મોટા આંકડીયા દ્વારા જણાવાયું છે

### ધર્મજીવન હોસ્પિટલના ઉદઘાટન પ્રસંગે

# અમરેલીમાં ગૌ આધારીત પ્રાકૃતિક કૃષિના વિવિધ સ્ટોલોની મુલાકાત લેતા રાજ્યપાલશ્રી આચાર્યજી

### રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્યએ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડુતો સાથે વાર્તાલાપ કર્યો



અમરેલી,
ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ અમરેલીના જેસીંગપરાના શિવાજી ચોક ખાતેની, રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાન પ્રેરિત ધર્મજીવન હોસ્પિટલનું તકતી અનાવરણ કરી, રિબિન કાપીને વૈદિક મંત્રોચ્ચાર વિધિવત રીતે ઉદ્ઘાટન-લોકાર્પણ કર્યુંહતું. ધર્મજીવન હોસ્પિટલ ખાતેના ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિના વિવિધ સ્ટોલ્સ મુલાકાત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લીધી હતી. પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો સાથે ટૂંકો વાર્તાલાપ પણ રાજ્યપાલ શ્રીએ કર્યો હતો. મુલાકાત વેળાએ રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાનના સંતશ્રીઓ, કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા, સાંસદ શ્રી પરષોત્તમભાઈ રુપાલા, રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફૂલભાઈ પાનશેરીયા, નાયબ મુખ્ય દંડક અને અમરેલી-વડીયા-કુંકાવાવ વિસ્તારના ધારાસભ્યશ્રી કૌશિકભાઇ વેકરિયા, લાઠી-બાબરા ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવિયા સહિત મહાનુભાવો, અગ્રણીશ્રીઓ સહિતના જોડાયા હતા. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જરુરી જીવામૃત-ઘનજીવામૃત, બીજામૃત, પાકસંરક્ષણ શસ્ત્રોવગેરે બનાવવા માટે દેશી ગાય એપાયાની છે. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ થકી જમીન ફળદ્રુપ બને છે, ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિથી પકવવામાં આવતાં વિવિધ ધાન્ય, કઠોળ આરોગ્ય સુખાકારીમાં વધારો કરે છે.રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજય સરકાર સતત કાર્યરત છે. ગુજરાત રાજય સરકાર દ્વારા પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરુરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરુરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ-ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે.

# અમરેલીનાં ગાવડકામાં સમુલગ્નોત્સવ યોજાશે

### જય વેલનાથ સમુહ લગ્ન સમિતિ દ્વારા આયોજન : નામ નોંધણી શરૂ

અમરેલી,
અમરેલી / ગાવડકા - આગામી તારીખઃ ૨૦/૦૨/૨૦૨૫ના રોજ વેલનાથ મંદિર પરિશર ગાવડકા ખાતે ૨૯માં બક્ષિપંચ સમાજના સમૂહલગ્નનું આયોજન રાખેલ હોય આ ગાવડકા ખાતેના સ્થાનિક લગ્નોની નોંધણી થયેલ હોય અને હવે બહારગામના મર્યાદિત સંખ્યામાં લગ્નની નોંધણી બાકી હોય જણાવેલ નામના સમિતિના હોદેદારો ધીરૂભાઈ મક્વાણા, અમરેલી - તથા ભીખુભાઈ ચાવડીયા, ગાવડકા - ૯૬૩૮૦૮૯૨૯૧ નો સંપર્ક સાધવા સમિતિ તરફથી જણાવવામાં આવે છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### નિવાસી અધિક કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને

# જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

### સાંસદ, ધારાસભ્યો સહીત હજારો યુવાનો શોભયાત્રામાં જોડાયા

ગીર સોમનાથ,નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી, ઈણાજ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ પ્રશ્નો અંગે સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓએ જવાબો રજૂ કર્યા હતાં. જનપ્રતિનિધિશ્રીઓ દ્વારા એસ.ટી.ના રૂટ સબંધિત, રોડ-રસ્તા સંબંધિત તથા વિવિધ યોજનાલક્ષી પ્રશ્નો તેમજ જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી કામો અંગે પ્રશ્નો રજૂ કર્યા હતાં. જે કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. નિવાસી અધિક કલેક્ટરે નાગરિક કેન્દ્રિત યોજનાઓને સંતૃપ્તિ સુધી લઈ જવા માટે જિલ્લા દ્વારા કરવાનું આયોજન અને લક્ષ્યાંક સિધ્ધિ કેવી રીતે મેળવી શકાય તે વિશે સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચનાઓ આપી હતી.ફરિયાદ સમિતિની બેઠકમાં એસ.ટી.ના નિશ્ચિત રૂટ નિયમિત રીતે ચલાવવા, સૂત્રાપાડા તાલુકાના મટાણાથી મોરડીયાની વચ્ચે નોન પ્લાનિંગ રસ્તાનું કામ અને સરસ્વતી સાધના યોજનામાં આપવામાં આવેલી સહાય, સૂત્રાપાડા ખાતે બની રહેલ જેટી સહિતના પ્રશ્નો જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવ્યાં હતાં. જનપ્રતિનિધિશ્રીઓ દ્વારા રજૂ કરાયેલા તમામ પ્રશ્નોને લક્ષમાં લઈને આ પ્રશ્નોનું સત્વરે નિરાકરણ આવે તે માટે નિવાસી અધિક કલેક્ટરશ્રીએ જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. આ બેઠકમાં નાયબ ચૂંટણી અધિકારીશ્રી જૈમિની ગઢિયા, એ.સી.એફ. વિકાસ યાદવ સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

# મહુવામાં વાસી તળાવે બજરંગદાસબાપુની પુણ્યતિથી ઉજવાઇ

### વાસી તળાવ ખાતે કાર્યક્રમમાં સેવક સમુદાય ઉમટી પડયો : સુંદર આયોજન કરાયું



મહુવા,મહુવામાં વાસી તળાવ ખાતે આવેલા શ્રી બજરંગદાસબાપાની મઢીએ ભવ્ય અને અનોખી રીતે પુણ્યતિથીની ઉજવણી કરવામાં આવી હતી સમગ્ર વિસ્તારમાં આવેલ સંતોષ ચા વાળા તરીકે પ્રખ્યાત એવા માધાભાઈ ગોહીલ અને નિલેશભાઈ ગોહીલે સવારથી સાંજ સુધી લોકોને પોતાના હસ્તે પ્રસાદ વિતરણ કર્યો હતો. આ ઉમદા સેવાકીય કાર્યોની મહુવાના દરેક લોકોએ સરાહના કરી હતી. આ રીતે સેવા કાયર્યો સાથે વાસી તળાવ બજરંગદાસબાપાની મઢીએ ઉજવણી કરી હતી.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### મહાપાલિકાની વેરાની આવક મેળવવા

# જુનાગઢમાં મહાપાલિકા દ્વારા ૨૧ ટીમો બનાવી મિલ્કત વેરાની ઝુંબેશ હાથ ધરી

### મિલ્કતો ટાંચમાં લઇ સીલીંગ તથા જપ્તી સહિતની કાર્યવાહી કરાશે

જુનાગઢ,
જુનાગઢ મહાનગરપાલિકાની હાઉસ સ્ટેટ શાખાના યાદીમાં જણાવ્યા અનુસાર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલ્કતોનો ઘણા લાંબા સમયથી જે મિલ્કત ધારક દ્વારા પોતાની મિલ્કતનો ટેક્ષ ભરપાઈ કરવામાં આવેલ ન હોય.તેવા આસામીઓએ પોતાની મિલ્કતનું બાકી ટેક્ષ તથા યુઝર ચાર્જ ઓફીસ સમય દરમ્યાદ ભરપાઈ કરવા જાણ કરવામાં આવે છે.

જો મિલ્કત ધારક દ્વારા પોતાની મિલ્કતનો બાકી ટેક્ષ તથા યુઝર ચાર્જ ભરપાઈ નહી કરવામાં આવે તો જુનાગઢ મહાનગરપાલિકા ઘરવેરા શાખા દ્વારા ૨૧ ટીમોની રચના કરવામાં આવી છે.

અને મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગ અને જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.જેની જુનાગઢ હદ વિસ્તારમાં આવેલ તમામ મિલ્કત ધારકોએ નોંધ લેવી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# માંડવીમાં ઘટક ૧-૨નો ઘટક કક્ષાનો પોષણ ઉત્સવ ૨૦૨૪ કાર્યક્રમ યોજાયો

### મીલેટ્સ તથા સરગવામાંથી બનાવેલી વાનગીઓનું નિર્દશન



ભુજ, માંડવી ઘટક ૧-૨ નો ઘટક કક્ષાનો પોષણ ઉત્સવ કાર્યક્રમ આઈ. સી. ડી. એસ. ઘટક કચેરીએ યોજવામાં આવ્યો હતો.કાર્યક્રમના અધ્યક્ષસ્થાને તાલુકા પંચાયત ઉપપ્રમુખશ્રી શીલ્પાબેન નાથાણી, સામાજિક ન્યાય સમિતિ અધ્યક્ષશ્રી કાન્તાબેન શીરોખા, આરબીએસકેના એમઓશ્રી ધીરજભાઈ ડુંગરખિયા, માંડવી ઘટક ૧-૨ના સી.ડી.પી..શ્રી શીતલબેન સંગાર અને લક્ષમીબેન મહેશ્વરી, બંને ઘટકના તમામ સુપરવાઈઝરશ્રીઓ, કચેરી સ્ટાફ, કાર્યકરો, તેડાગર તેમજ લાભાર્થી હાજર રહ્યા હતાં.કાર્યક્રમમાં મીલેટ્સ, લ્હાઇ તથા સરગવામાંથી બનાવેલી વાનગીઓનું નિર્દશન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેનારમાંથી પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર આપીને લાભાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં માતા યશોદા એવોર્ડ વર્ષ ૨૦૨૧-૨૨ તેડાગર અને કાર્યકર બહેનોને એનાયત કરવામાં આવ્યા હતા.

## શ્રી કમળાબેન ગાંધી ફ્રી લાયબ્રેરીને ૧૦૦ વર્ષ પુરા થયાં

# રાજુલામાં લાયબ્રેરી શતાબ્દી મહોત્સવની ઉજવણી

### ૧૦૦ વર્ષ પુરા થતા શતાબ્દી મહોત્સવ નિમિતે ગાંધી મુંબઇ ટ્રસ્ટનાં પ્રમુખ તેમજ ધારાસભ્ય હિરાભાઇ સોલંકીએ લાયબ્રેરીનાં વિવિધ વિકાસ માટે જાહેરાત કરી

### ખ્યાતનામ કવિઓ, લેખકો, શિક્ષણ વિદો, સાહિત્યકારો અને રાજકીય આગેવાનો, સંશોધકોની ઉપસ્થિતિમાં શતાબ્દી મહોત્સવ ઉજવણીનો પ્રારંભ




રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા શહેર ખાતે ગાંધી ચેરીટી લાયબ્રેરી ટ્રસ્ટ રાજુલા સંચાલિત શ્રી કમળાબેન-૨ ગાંધી ફ્રી લાયબ્રેરી ની સ્થાપના -તા.૧૫/૧/૧૯૨૫ ના રોજ થયેલ જેને ના રોજ સો વર્ષ પુરા થતા તેના શતાબ્દી વર્ષ ની ઉજવણી ના ભાગ રુપે તા. ૧૯/૧/૨૦૨૫ ને રવિવાર ના સવારે ના ૧૦.૩૦ કલાકે નિવૃતિ સદન ખાતે કાર્યક્રમ નું આયોજન કરવા માં આવેલ હતુ. કાર્યક્રમ ની શરુઆત દિપ પ્રાગટ્ય મહેમાનો દ્વારા અને પ્રાર્થના જાગૃતીબેન રાજયગુરુ અને દિકરીઓ દ્વારા કરવામાં આવી હતી. પુષ્પગુચ્છ દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચન શશિભાઈ રાજયગુરુ કવિ 'હેમાળી'એ કર્યું હતું જેમાં રાજુલા લાયબ્રેરી નો ઈતિહાસ, સગવડતાઓ, લાયબ્રેરી મા ઉપલબ્ધ વિવિધ વિભાગ ના પુસ્તકો, સામયિકો ને વર્તમાનપત્રો અને લાયબ્રેરી ટ્રસ્ટ ની વિકાસગાથા ની વિશદ છણાવટ કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન અને અધ્યક્ષ મુબઈ સ્થિત શ્રી જગદીશભાઈ ગાંધી, પ્રમુખશ્રી, ગાંધી ચેરીટી લાયબ્રેરી ટ્રસ્ટ રાજુલા એ તેમના પ્રવચન માં લાયબ્રેરી ની વિકાસગાથા અને તેનો મહત્તમ ઉપયોગ વાચકો દ્વારા થાય તેવી હિમાયત કરી હતી. તેમના દ્વારા થયેલા લુપ્ત થયેલી સરસ્વતી નદી અને કચ્છ ના ધોળાવીરા ના પુરાતન નગરના સંશોધન વિશે વાત કરી હતી. તેમના ટ્રસ્ટો દ્વારા ચલાવવામા રહેલા મહુવા ખાતે ના વૃધ્ધાશ્રમ, ગાંધી બાગ, આધુનિક જીમ. સાવરકુંડલા ખાતે ચાલી રહેલી ગૌશાળા, રાજુલા માં ચાલી રહેલી ફ્રી લાયબ્રેરી વીશે તેમજ રાજુલા-જાફરાબાદ-ખાભા વિસ્તાર ની કોલેજ કરતી ને ફી ભરવા અશક્ત એવી દિકરીઓ ની ફી ભરવા ની તેમાં દ્વાર થઈ રહેલી કામગીરી ની વાત કરી હતી. ને લાયબ્રેરી ના સંચાલક કે.સી.ચૌહાણ ગ્રંથપાલ ની કામગીરી ની પ્રસંશા કરી હતી. આ સંવેદના વ્યક્ત કરવા સમયે ભાવુક બની ગયા હતા. અનંતરાય મહેતા, આ ટ્રસ્ટ ના ટ્રસ્ટીશ્રી અને આ કાર્યક્રમ ના અતિથિ વિશેષ એ પોતાના વક્તવ્યમાં ઉચ્ચ અભ્યાસ માં લાયબ્રેરી નું મહત્વ અને શેર-શાયરી ને ગઝલ પંક્તિઓ રજુ કરી ને વાતાવરણ રંગીન બનાવી હતુ. ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકી એ લાયબ્રેરી ના સો વર્ષ પુર્ણ થયા ને તેના શતાબ્દી મહોત્સવ ઉજવણી ના કાર્યક્રમ યોજવા શુભેચ્છાઓ પાઠવી હતી. લાયબ્રેરી ને રીનોવેટ કરવા કે પુસ્તકો ખરીદવા કે સુવિધાઓ ઉભી કરવા પાંચ લાખ જેટલી રકમ ની ગ્રાન્ટ ફાળવવા ની જાહેરાત કરી હતી. રાજુલા ના વતની અને ગુજરાત પ્રથમ હરોળ ના પત્રકાર અને લેખકશ્રી ધૈવત ભાઈ ત્રિવેદી એ પોતાના લાયબ્રેરી સાથે ના સંસ્મરણો યાદ કર્યા હતા. સંજયભાઈ ગાંધી, વલ્ડે વાઈલ્ડ ફોટોગ્રાફર મુકેશભાઈ આચાર્ય, શ્રેષ્ઠ વક્તા ને લેખિકા વૃન્દાબેન મહેતા, લેખક શ્રી વિશ્વનું ભાઈ ભાલીયા, મહિલા કોલેજ પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવલ, વિરલ કુમાર શિલુ, નિલેશભાઈ ચૌહાણ એ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ ટ્રસ્ટ ના નવનિયુક્ત ટ્રસ્ટીઓ શ્રી ગૌરાંગભાઈ મહેતા તેમજ કનુભાઈ વરુ ને પ્રમુખશ્રી જગદીશભાઈ ગાંધી એ આવકાર્યા હતા. ટ્રસ્ટીએ શ્રી બિપિન ભાઈ મહેતા, ગૌરાંગ ભાઈ મહેતા, જાણીતા પત્રકાર કનુભાઈ વરુ, તેમજ વૃધ્ધાશ્રમ મહુવા ના મેનેજરશ્રી, કીશોર ભાઈ મુછાળા, આસી. મેનેજર અશોકભાઈ તેમજ લેખીકાશ્રી મીનાબેન મહેતા હાજર રહ્યા હતા. આ પ્રસંગે રાજુલા શહેર અગ્રણીઓ ભુવા કોલેજના ટ્રસ્ટીશ્રી ગોપાલભાઈ ભુવા તથા પ્રિ. નીલેશભાઈ ચૌહાણ, રવુભાઈ ખુમાણ, મહેન્દ્રભાઈ ધાખડા, સંજયભાઈ ધાખડા, વનરાજભાઈ વરુ, ડો. વાઘમશીસા. કાનાભાઈ ગોહીલ, સાગર ભાઈ વાળા, નવનીતભાઈ મહેતા, ચિંતનભાઈ મહેતા, પ્રફુલભાઈ રાજયગુરુ, જીજ્ઞેશભાઈ ઉપાધ્યાય, દેવદત્તભાઈ ઠાકર, વિભાબેન મહેતા, ભારતીબેન સંઘવી, હેતલબેન મેખીયા, દેવકા વિધ્યાપીઠ ના બેલાબેન નાયક, દુધેરી ગામના તાલુકા પંચાયત ના શ્રી ભરતભાઈ છગનભાઈ શિયાળ હાજર રહ્યા હતા. રાજુલા ની સામાજીક સંસ્થાઓ કપોળ વણીક સમાજ ના રાજુભાઈ સંઘવી, બિપિન ભાઈ મહેતા, બજરંગદળ ના રાજેન્દ્રભાઈ, કિર્તીભાઈ, જે.ડી. ભાઈ, ચેમ્બર ઓફ કોમર્સ ના ગૌરાંગભાઈ મહેતા, બકુલભાઈ વોરા, વિશ્વ હિન્દુ પરીષદ ના યુવરાજ ભાઈ સાદુ, જે.ડી. ધાખડા, સૌરભ સાહિત્ય સંસ્થાન રાજુલા ના જે.પી.ડેર, શશિભાઈ રાજયગુરુ વગેરે એ શાલ, ફોટો કોપી હાર થી ટ્રસ્ટ પ્રમુખ શ્રી જગદીશભાઈ ગાંધી નું સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ નું સંકલન અને સંચાલન શશિ ભાઈ રાજયગુરૂ એ, આયોજન ગૌરાંગભાઈ મહેતા અને કનુભાઈ વરુ એ તેમજ આભાર વિધિ અનંતરાય મહેતાએ કરી હતી.

## બગસરા એસટી ડેપો દ્વારા અગત્યના રૂટો બંધ

# સવારે ભાવનગર અને જેતપુર વાયા રાજકોટ જતી એક માત્ર બસ અવાર નવાર બંધ કરાતા પેસેન્જરો પરેશાન

### એસટી ડેપોના અણઘણ વહીવટથી ત્રાહિમામ પોકારી ઉઠેલા શહેરીજનો



બગસરા, (સમીર વિરાણી)

બગસરા એસટી ડેપો દ્વારા પોતાની મનમાની કરી અનેક રૂટો બંધ કરવામાં આવ્યા છે જેના લીધે મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે. વિગત અનુસાર બગસરા એસટી ડેપોના અણઘણ વહીવટ કર્તા દ્વારા આડેધડ રૂટો બંધ કરવામાં આવતા શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠીયા છે. વહીવટ કર્તા દ્વારા રોજ માટે ૧૦થી ૧૨ રૂટો બંધ કરવામાં આવતા મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે. બગસરા એસટી ડેપો નવા રૂટો ચાલુ કરવાને બદલે જાણે જુના અને જામી ગયેલા રૂટો બંધ કરવામાં આવતા એસટીની આવકમાં જાણે નુકશાની કરી રહેલા હોઈ તેવું લાગી રહ્યું છે. ઘણા સમયથી ચાલતી બગસરા રાજકોટ વિછિયા, તેમજ બગસરા ભાવનગર બસ જેમાં નોકરિયાત લોકો અને વિધાર્થીઓ અપ ડાઉન કર્તા અને ભરચક ચાલતી આ બસ બંધ કરી દેવામાં આવેલ છે. જેના હિસાબે ઘણા લોકો પરેશાની માં મુકાઈ ગયા છે. જયારે આજે લગ્ન ગાળાની સીઝન પૂર જોશમાં ચાલી રહેલ છે ત્યારે આજના દિવશમાંજ એસટી ડેપો દ્વારા ૧૪ થી ૧૫ રૂટો બંધ કરી દેવામાં આવ્યા છે. જેના કારણે લોકોને ખાનગી વાહનોનો સહારો લેવાં મજબુર બન્યા હતા.

જયારે એસટી ડેપોને કમાવાની તક હોઈ ત્યારેજ આવી રીતે ખાનગી વાહનોને પ્રોત્સાહન આપી રહેલા આવા અધિકારી ઉપર કડક કાર્યવાહી કરવા લોકોની માંગ ઉઠી છે. જયારે ખાનગી વાહનોને એટલી હદે પ્રોત્સાહન આપવામાં આવે છે કે એસટી ડેપોની અંદર ઘુસીને પણ પેસેન્જરોને ભરતા જોવા મળી રહેલ છે. જયારે એક જાગૃત નાગરિક દ્વારા ડેપો મેનેજરને પણ આ બાબતે જાણ કરવામાં આવી હતી પરંતુ ડેપો મેનેજર દ્વારા આવા ખાનગી વાહનો ઉપર કોઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ ના હતી. અને જાણે ખાનગી વાહનો ડેપો મેનેજરને હપ્તા આપતાં હોઈ તેમ ડેપોને પોતાનો અડ્ડો કરી લેધો હોઈ તેવું લાગી રહ્યું છે. જયારે આજે બગસરા ડેપો દ્વારા અગત્યના અને લાંબા રૂટો પણ બંધ કરી દેવામાં આવેલા છે. જેવાકે બગસરા ભાવનગર, બગસરા રાજકોટ વાયા જેતપુર, બગસરા રાજકોટ વાયા દેરડી, બગસરા રાજકોટ વાયા વડિયા, અમરેલી ભેસાણ જૂનાગઢ, ઘંટીયાણ વડિયા રાજકોટ, રાજુલા મહુવા રફાળા, બગદાણા ભગુડા સુડાવડ, મેંદરડા રાવણી જેવા અનેક રૂટો બંધ કરવામાં આવતા પેસેન્જરો હેરાન પરેશાન થઈ ગયા હતા. તો આવા નિયમિત અને સારી આવક ધરાવતા રૂટો બંધ કર્તા લોકો દ્વારા માંગ કરવામાં આવી છે કે આવા અધિકારી ઉપર ડી.સી. દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# રાસાયણીક ખાતરમાં થયેલ કમરતોડ ભાવ વધારો બંધ રાખવા માંગણી કરાઇ

### જીલ્લા ખેડુત હિતરક્ષક સમિતિએ કૃષિમંત્રીને રજુઆત કરી

અમરેલી,

રાસાયણીક ખાતરમા થયેલ કમરતોડ ભાવવધારો બંધ રાખવા અમરેલી જીલ્લા ખેડુત હિતરક્ષક સમિતિએ રાજયના કૃષિમંત્રી શ્રીરાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવી રજુઆત કરી છે. તે રજુઆતની નકલ શ્રીપાલભાઈ આંબલીયા અને મીડીયાઓને પણ આપ્યાનું સમિતિના પ્રમુખ શ્રી નંદલાલ ભડકણે જણાવ્યું છે.

# ગુજરાતની બહેન દિકરીઓને અન્યાય પ્રશ્ને રજુઆત કરતા શ્રી પ્રતાપ દુધાત

### અન્ય રાજ્યોની જેમ બહેનોને સહાય આપો



અમરેલી,

ગુજરાતની બહેન દિકરીઓના અન્યાય પ્રશ્ને અમરેલી જીલ્લા કોગ્રેંસ પ્રમુખ શ્રી પ્રતાપ દુધાતે વડાપ્રધાન શ્રી મોદીને પત્ર પાઠવી કરેલી રજુઆતમા જણાવ્યું છે કે ગુજરાતમા આપની સરકાર ૩૦ વર્ષથી શાસન કરી રહી છે. બહેન દિકરીઓને એલપીજી સિલેન્ડરમા પણ રાહત અપાતી નથી. ગુજરાતની દિકરીનું જાહેરમા વરઘોડા કાઢવામાં આવે છે. બહેનોએ ન્યાય માટે ઝઝુમવું પડે તેવું છે. તેથી બહેનોને ન્યાય મળે તેમ કરવા માંગણી ઉઠાવ્યાનું શ્રી પ્રતાપ દુધાતે જણાવ્યું છે.

# સાવરકુંડલા કબીર ટેકરીએ ત્રિવીધ કાર્યક્રમો યોજાયાં

### સુધીરભાઈ મહેતાના પુસ્તક 'ઉજળી પ્રતિભા' નું વિમોચન : મહંત નારાયણદાસ સાહેબનો જન્મોત્સવ



સાવરકુંડલા, (સૌરભ દોશી)

ગદ્ય સાહિત્ય સભા અમરેલી દ્વારા સાવરકુંડલા મુકામે કબીર ટેકરીમાં તાજેતરમાં તારીખ ૧/ ૧/૨૦૨૫ ના રોજ ત્રિવિધ કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાયા હતા. જેમાં સાવરકુંડલા કબીર ટેકરીના મહંત પરમ પૂજ્ય શ્રી નારાયણદાસ સાહેબના ૪૫ માં જન્મદિવસ નિમિત્તે સાકર તુલા કરવામાં આવી હતી. તેમજ જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ સાવરકુંડલાના પ્રસિદ્ધ લેખક રાજ્ય અને રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિભૂષિત કેળવણી કાર સુધીરભાઈ મહેતાની કલમે લખાયેલ પુસ્તકઃ 'ઉજળી પ્રતિભાઓ'નો વિમોચન કાર્યક્રમ થયેલ હતો. આ કાર્યક્રમમાં અનેક ગણ માન્ય લેખક શ્રીઓ તથા સાહિત્યકારો તથા કવિઓ ઉપસ્થિત રહ્યા હતા. જેવા કે વાસુદેવ સોઢા, ગોરધનભાઈ ભેસાણીયા, રવજીભાઈ કાચા, મંગળુભાઈ ખુમાણ, આકાશવાણી કેન્દ્ર - રાજકોટના નિવૃત્ત ડાયરેકટર શ્રી ડો. ગીતાબેન ગીડા તથા સંત મહાનુભાવો પરમ પૂજયશ્રી કરશનગીરી બાપુ, પૂજયશ્રી ઘનશ્યામબાપુ, પૂજ્ય શ્રી રૂતેશ્વરી દેવી, પરમ પૂજ્ય શ્રી શુકદેવ પ્રસાદજી, સ્વામીનારાયણ ગુરુકુળ - સાવરકુંડલા સહિત સંતોની ઉપસ્થિતિમાં પુસ્તક વિમોચન તથા કબીર આશ્રમ - સાવરકુંડલા કબીર ટેકરી ના મહંત શ્રી પૂજ્ય નારાયણદાસ સાહેબની સાકરતુલા કરી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આયોજન મુજબ તારીખ એક એક ૨૫ એટલે કે ઈસુના નવા વર્ષના શુભારંભે બુધવારના રોજ ૨ કલાકે કબીર ટેકરીમાં વિશાળ જન સંખ્યાની હાજરીમાં ભવ્ય કાર્યક્રમ યોજાયો. જેમાં ફરતા દીવડા (યશ ત્રિવેદી નિર્મિત) દીપ પ્રાગટ્ય થયું હતું. સરસ્વતી વંદના કાવ્યા યોગેશભાઈ દવેએ નૃત્ય દ્વારા કરી હતી. સૌ મહેમાનોનું સન્માન પુષ્પ ગુચ્છથી થયા બાદ લેખક સુધીરભાઈ મહેતા નો પરિચય ડો. શ્રી ગીતાબેન ગીડાએ આપ્યો હતો. પુસ્તક ' ઉજળી પ્રતિભાનો 'પરિચય રવજીભાઈ કાચા એ આપ્યો હતો. પુસ્તક વિમોચન મંચસ્થ સંતો અને મહાનુભાવોના હસ્તે થયું હતું. ઉજળી પ્રતિભાવોના સન્માન પત્રનું વાંચન થયું હતું પરમ પૂજયશ્રી નારાયણદાસ સાહેબે આશિર્વચન આપ્યા હતા ૯૭ ઉજળી પ્રતિભાવોમાંથી ૫૦ જેટલી ઉજળી પ્રતિભાઓ હાજર રહી હતી તેમનું સન્માન વિવિધ મહાનુભાવો ના કરકમળે શાલ, શીલ્ડ, સન્માન પત્ર, પુસ્તક અને પુષ્પગુચ્છ આપીને કરવામાં આવ્યું હતું. મમતા ઘર ની બાળાઓ એ સુંદર નૃત્ય રજુ કર્યું હતું. ઉજાળી પ્રતિભાઓ વતી શ્રી સરસ્વતી બેન ત્રિવેદી એ ખૂબ સુંદર પ્રતિભાવ આપ્યો હતો. ત્યાર બાદ પૂ. શ્રી નારાયણ સાહેબનું સન્માન, તેમના જન્મ દિવસ નિમિતે સાકર તુલા તથા ઉન વસ્ત્ર શ્રી નાનાભાઈ ત્રિવેદી દ્વારા ભાવ અને માનપૂર્વક હેતથી કરવામાં આવ્યું હતું.

મહેમાનોમાં તેશ્વરી દેવી-જામનગર પૂ. કરશનદાસ બાપુ, કંડલપુર હનુમાન મંદિર, કરશનદાસબાપુ સાવરકુંડલા, પૂજ્ય રામદાસબાપુ ઘના ભગતની જગ્યા, સાવરકુંડલા, પ્રકાશક શ્રી જીગર ભાઈ ગળચર અમદાવાદ, નાનુભાઈ પટેલ મહુવા, પિયુષભાઈ લુહાર મહુવા, મંજુલાબેન મમતા ઘર સાવરકુંડલા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું વ્યવસ્થાપન મનીષભાઈ વિંઝુડા દ્વારા કરવામાં આવ્યું હતુ. કાર્યકમનું સંચાલન ઉમેશભાઈ ચાવડા એ કર્યું હતું. કાર્યકમ સફળ બનાવવા માટે કબીર ટેકરી સાવરકુંડલા આશ્રમ સેવકગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમ પૂર્ણ થયે ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સૌના માટે આ કાર્યક્રમ યાદગાર અને સુંદર રહ્યો હતો.

# પ્રતિષ્ઠિત ફોર્બ્સ ઈન્ડિયામાં સૌરાષ્ટ્રના મોવલિયા બંધુઓને મળ્યું સ્થાન

### મોટા વૈશ્વિક મંત્રવિતતા ધરાવતી ૨૦૦ કંપનીઓમાં કેપ્ટન ટ્રેકટરને પસંદ કરાયું

રાજકોટ, (પ્રશાંત ચંચલ) ફોબ્ર્સ ઈન્ડિયાના ફોબ્ર્સ સિલેક્ટ ૨૦૦ કે જે મોટી વૈશ્વિક સંભવિતતા ધરાવતી ૨૦૦ કંપનીઓનો સમૂહ છે. તેમાં સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાંથી કેપ્ટન ટ્રેક્ટર્સની પસંદગી કરાઈ. આ યાદીમાં કેપ્ટન ટેકટર્સના મેનેજીંગ ડીરેક્ટર શ્રીરાજેશભાઈ મોવલિયા સહીત શ્રી કૈલેશભાઈ મોવલિયા, શ્રી નયનભાઈ મોવલિયા, શ્રી સતીષભાઈ મોવલિયા અને શ્રી મોવલિયાને સ્થાન મળ્યું છે. રાજકોટ ખેતી ક્ષેત્રે મીની ટ્રેક્ટર થકી પરિવર્તન લાવનાર સૌરાષ્ટ્રના યુવા ઉદ્યોગપતિ અને કેપ્ટન ટ્રેક્ટર્સના મેનેજીગ ડિરેક્ટર શ્રી રાજેશભાઈ મોવલિયા સહિત શ્રી કેલેશભાઈ મોવલિયા, શ્રી નથનભાઈ મોવલિયા, શ્રી સતીષભાઈ મોવલિયા અને શ્રી શિલેષભાઈ મોવલિયાએ ફોબ્ર્સ સિલેક્ટ ૨૦૦ ની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. કેપ્ટન ટેક્ટર્સ- જે નવીનતા દ્વારા ૩૦ વર્ષથી વધુ સમયથી કૃષિમા પરિવર્તન લાવવા માટે સમર્પિત છે. અને કંપની ૭૦ થી વધુ દેશોમાં અશ્ચતન ટેકનોલોજી થકી નાના અને સીમાંત ખેડૂતોને સશકત બનાવવા માટે કટીબધ્ધ છે. જેની નોંધ લઈ DGEMS ૨૦૨૪માં ફોબ્ર્સએ ભારતની પ્રતિષ્ઠિત 'મોટા વૈશ્વિક વ્યાપાર મંત્રવિતતા ધરાવતી ૨૦૦ કંપનીઓમાં કેપ્ટન ટ્રેક્ટર્સને પસંદ કરી આવ્યું છે, જે સૌરાષ્ટ્રના ઉદ્યોગજગત માટે ખુબજ ગર્વની વાત છે. આ જાહેરાત ફોબ્ર્સ ઈન્ડિયાની વેબસાઈટ અને તેના સમગ્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવી હતી. ફોબ્ર્સ સિલેકટ ૨૦૦ ની યાદી DOEMS (D Globalist Entrepreneur Mobility Summit) પહેલનો એક મહત્વપૂર્ણ ભાગ છે, અને તે બેવા ઉદ્યોગપતિઓને સામેલ કરે છે કે જેમણે કંપની દ્વારા અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય. આ યાદીમાં પસંદગી માટેનો આધાર એક ખાસ માપદંડ પર છે, જેમાં ઔદ્યોગિક શામનના શ્રેષ્ઠ દાખલાઓ અને મૂલ્ય નિર્માણ ક્ષમતાનો સમાવેશ થાય છે. DGEMS, વૈશ્વિક સહયોગ અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે પ્રખ્યાત છે, જે કેપ્ટન ટ્રેક્ટર્સને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની ઓળખને વિસ્તૃત કરવા અને કૃષિક્ષેત્રમાં યોગદાન આપવાની તૈયારીને રેખાકિત કરે છે. જ્યારે નવીનતા અને બજારની સફળતા કેપ્ટન ટ્રેક્ટર્સના વિકાસ માટે ચાવીરૂપ બની રહી છે, ત્યારે કેપ્ટન ટ્રેક્ટર્સની નોંધપાત્ર સિદ્ધિ ખેડૂતોના જીવન પર તેની મકારાત્મક અસરમાં રહેલી છે. તેમજ અદ્યતન ટેકનોલોજી દ્વારા કંપનીએ સમગ્ર દેશના ખેડૂતોને સશકત બનાવ્યા છે. સાથે જ ખેડૂતોની કૃષિ ઉત્પાદકતામાં સુધારો કર્યો છે. કેપ્ટન ટ્રેક્ટર્સ દ્વારા મિની ટ્રેક્ટર પ્રદાન કરીને કંપની ખેડૂત પરિવારના જીવનમાં નવી આશાનું કિરણ લાવી રહી છે. કેપ્ટન ટ્રેક્ટર ન માત્ર ખેતીમાં ટકાઉ વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. પરંતુ ખેડૂતોને ઉત્કર્ષતા તરફ લઈ જવા માટે મજબૂત પાચી પણ પૂરો પાડે છે. ઉલ્લેખનીય છે કે, કેપ્ટન ટ્રેક્ટર્સ પાસે અદ્યતન સાધનો, એડવાન્સ મશીનરી આર એન્ડ ડી લેબ, ગુણવત્તા નિયંત્રણ સાધનો અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉત્પાદનોની ડિઝાઈન અને ઉત્પાદન કરવા માટે પ્રશિક્ષિત સ્ટાફ છે. કેપ્ટન ટ્રેકટર્સે ગુણવત્તાના ધોરણોમાં કોઈપણ સમાધાન કર્યા વિના ભારતના તમામ રાજ્યો સહીત વિદેશમાં પણ પોતાનું નેટવર્ક વિસ્તાર્યું છે ફોબ્ર્સ સિલેકટ ૨૦૦ના ભાગ રૂપે ખઔપચારિક જાહેરાત તાજ પેલેસ, નવી દિલ્હી આયોજિત પ્રતિષ્ઠિત DGEMS ૨૦૨૪ સમિટમાં કરવામાં આવી હતી. જે કેપ્ટન ટ્રેક્ટર્સના ઈનોવેશનમાં વૈશ્વિક નેતૃત્વ તરફની સફરમાં એક મહાત્વપુર્ણ સીમાચિહ્નરૂપ છે.

# અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેનાનાં સુપ્રિમો શ્રી ગીરીશભાઇ કોટેચા સામે થયેલા આક્ષેપો ખોટા

### સખત શબ્દમાં બનાવને વખોડી કાઢતા આગેવાનો



ચલાલા, (પ્રકાશ કારીયા) જુનાગઢ ગીરનાર ની ગોદ મા બની બેઠેલા મંહત સાધુ મહેશગીરી એ અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના ના સુપ્રીમો અને જૂનાગઢ ના પૂર્વ ડેપ્યુટી મેયર તેમજ સમસ્ત રઘુવંશી સમાજ માટે આરોગ્ય શિક્ષણ સલામતી વેપાર ધંધા સંગઠન એકતા સહીત ની ચિંતા કરી તેમા સમ્પુઁણ સહકાર સહયોગ આપી રહ્યા છે તેવા સમસ્ત રઘુવંશી સમાજ નુ ગૌરવ શ્રી ગીરીશભાઈ કોટેચા સામે બિન આધારભુત અને તદન ખોટા આક્ષેપો કરવામા આવેલ છે..તેને અમરેલી જીલ્લા રઘુવીર સેના ના પ્રમુખ વિશાલભાઈ સોઢા, ઉપ પ્રમુખ પ્રકાશભાઈ કારીયા, મહેશભાઈ મશરુ, પ્રીતેશભાઈ માનસેતા, પિયુષભાઈ સોનપાલ, સહીત ના આગેવાનો એ સખ્ત મા સખ્ત શબ્દો મા વખોડી કાઢેછે..વધુમા અમરેલી જીલ્લા રઘુવીર સેના ના પ્રમુખ શ્રી વિશાલભાઈ સોઢા એ જણાવેલ છે કે અમારા નેતા શ્રી ગીરીશભાઈ કોટેચા અઢારેય આલમ ને સાથે લઈ ને ચાલનારા આગેવાન છે. અને તેથી જ જૂનાગઢ ની સમસ્ત સમજદાર જનતા એ ગીરીશભાઈ ને એક બે વાર નહી પણ પાંચ પાંચ વાર જુનાગઢ ના કોર્પોરેશન મા ડેપ્યુટી મેયર તરીકે ગૌરવપૂર્ણ પદ આપ્યુ છે.

## જંત્રીનો ભાવ વધારો અને

# કરોડોની સ્ટેમ્પ ડયુટીનો ભાર લોકો ઉપર ન નાખવા માંગણી

### અમરેલીના શ્રી રામજીભાઈ કાપડીયાની રજુઆત

અમરેલી,

ગુજરાતના સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો પર લાદવામા આવનાર અસહય જંત્રીનો વધારો અને કરોડોનો સ્ટેમ્પ ડયુટી ભારનો બોજ પ્રજા ઉપર ન નાખવા સ્ટેમ્પ ડયુટી નિરિક્ષક તથા વડાપ્રધાન શ્રી મોદી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈને પત્ર પાઠવી અમરેલીના શ્રીરામજીભાઈ કાપડીયાએ રજુઆત કર્યાનું અખબારી યાદીમા જણાવ્યું છે.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં.૭
તા.૨૧-૦૧-૨૦૨૫ મંગળવાર

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144

HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

અમરેલી જીલ્લાનું સૌથી મોટું અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે...
Raj Unisex Saloon
રાજ ફેમીલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ

હેરકટ, કેરાટીન, હાઇલાઇટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુ, ગ્રુમ શાઇનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઇડ્રા, બ્રાઇડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એક્સટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઇન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઇન રોડ, ચિતલ રોડ, અમરેલી.

## છેલ્લા પાનાનું

### રોડ ફોર લેન બનાવો

મુશ્કેલીઓ અનુભવે છે, વધુમા આ રોડ સાંકડો અને ખરાબ હોવાથી મોટા અંતર ની અમદાવાદ, સુરત, ભાવનગર તથા રાજકોટ ની એસટી બસો પણ ચાલતી નથી, આમ અમરેલી જિલ્લા ના સાવરકુંડલા- ખાંભા રોડ ને ફોર-લેન બનાવવા સ્થાનિક ધારાસભ્ય શ્રી ઓ તથા સાસંદ અને રાજય ના માગે મકાન મંત્રી ને આ વિસ્તાર ના લોકો ની માંગણી છે. તેમ ભાનુભાઈ કોઠીયા દ્વારા જણાવાયું છે.

## સૌરાષ્ટ્રનાં વતની અને સુરત રહેતા તળાવીયા પરિવારનાં વર-વધુએ વ્યસન મુક્તિ અને અંગદાનનાં સંકલ્પ લીધા

### અંગદાન જાગૃતિનાં પ્લેકાર્ડ સાથે એન્ટ્રી કરી

દામનગર, (વિનોદ જયપાલ)

સુરત શહેર માં મૂળ સૌરાષ્ટ્ર નાં તળાવીયા પરિવારના વર-વધુ એ પોતાની ગૃહસ્તી વ્યસન મુક્તિ અને અંગદાન ના સંકલ્પ સાથે શરુ કરી હાસ્ય કલાકાર મિલન તળાવીયા લગ્ન દરમિયાન વરરાજા અને સાથે આવેલ જાનૈયાઓએ અંગદાન જાગૃતિ ના પ્લેકાર્ડ સાથે મારી એન્ટ્રી.જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન અને તળાવીયા પરિવારના દ્વારા સુરત ખાતે ચિ. મિલન અને ચિ. પાયલ ના લગ્ન દરમિયાન વરરાજા અને સાથે આવેલ જાનૈયાઓએ અંગદાન જાગૃતિ ના પ્લેકાર્ડ સાથે મારી એન્ટ્રી.તેઓ હાથમાં અંગદાન જાગૃતિના પ્લેકાર્ડ લોકોમાં અંગદાન જાગૃતિ નો મેસેજ આપ્યો હતો.

# મહત્તમ તાપમાન વધ્યું પવનની ગતિ ઘટતા ઠંડીમાં રાહત

### ભેજનું પ્રમાણ ૮૩ ટકા, લઘુતમ તાપમાન ૧૫.૪ ડીગ્રી

અમરેલી,

અમરેલી જિલ્લામાં થોડા સમય પહેલા શીત લહેર ફરી વળી હતી જેના કારણે લોકો ઠુંઠવાયા હતાં જેના કારણે હાલ ઠંડીમાં આંશિક ઘટાડો થતા લોકોએ રાહત અનુભવી હતી.

પવન ઘટવાનાં કારણે અને ન્યુનતમ તાપમાન પણ વધતા ઠંડીમાં ઘટાડો થયો હતો અને ઠંડી ઘટવાનાં કારણે ઠંડીમાંથી લોકોને રાહત મળી છે. થોડા દિવસ પહેલા ટાઢોબોળ પવન ફુંકાયો હતો અને ન્યુનતમ તાપમાન પણ ઘટી જતા ઠંડી વધી હતી. જેના કારણે લોકો થર થર કાપી ઉઠ્યાં હતાં. શહેરનું ન્યુનતમ તાપમાન ૧૫.૪ ડીગ્રી, મહતમ ૩૩.૨, ભેજ ૮૩ ટકા અને પવન ૨.૫ રહ્યો હતો.

## મોટા વરાછામાં ગોડાઉનમાં બ્લાસ્ટ થતા લોકોમાં ફફડાટ મચ્યો

(જી.એન.એસ) સુરત, પતરાંનો શેડ હોવાથી ગણતરીની મિનિટોમાં આખેઆખું ગોડાઉન આગની લપેટમાં આવી ગયું સુરતમાં એક ગોડાઉનમાં બ્લાસ્ટ સાથે આગ ફાટી નીકળતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. આ બનાવની વિગત મુજબ વરાછા વિસ્તારમાં દુખિયાના દરબાર પાસે આવેલા વૈભવ રેસિડેન્સી નજીકના ગોડાઉનમાં આગ બાદ ગેસ-સિલિન્ડર બ્લાસ્ટ થયું હતું. ગોડાઉનમાં કેમિકલ હોવાના કારણે આગ એટલી હદે વિકરાળ બની હતી કે બે કિલોમીટર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા ઊડતા દેખાયા હતા.

## -:: જાહેર નોટીસ ::-

આથી અમો મિનકેતભાઇ વિમલકુમાર ગગલાણી રહે. હાલ સાવરકુંડલા વાળા આ જાહેર નોટીસ આપી અને જાહેર વિજ્ઞપ્તિ આપે જાહેર કરીએ છીએ કે, વિમલકુમાર મોહનભાઇ ગગલાણી અમોના પિતાશ્રી થાય છે. અમો અમારા પિતાશ્રીથી સંપુર્ણપણે અલગ રહીએ છીએ. અને અમારો સામાજીક તેમજ આર્થિક વ્યવહાર પણ અલગ છે. અમારા પિતાશ્રીએ કોઇપણ વ્યક્તિ પાસેથી કોઇપણ પ્રકારનું લેણુ, લોન, હાથ ઉછીની કે કોઇ અન્ય રીતે કોઇ આર્થિક વ્યવહાર કરેલ હોય કે કોઇ રકમ લીધેલ હોય, તે બાબતે અમો સંપુર્ણપણે અજાણ છીએ અને અમારા પિતાશ્રીએ કરેલ આવા આર્થિક વ્યવહાર સબંધે કોઇપણ વ્યક્તિએ અમારા સાથે ઉઘરાણી કે રકમની વસુલાત માટે અમારો સંપર્ક કરવો નહી. અમારા સામાજીક, આર્થિક, નાણાકીય અને વ્યવાહારિક સબંધો અમોને સાચવવાના છે અને અમારા પિતાશ્રીએ કરેલ આર્થિક, સામાજીક, નાણાકીય, વ્યવાહારિક પ્રશ્નો તેઓએ સાચવવાના છે. જેમાં અમારે કોઇ લેવા-દેવા નથી. અમોની તેવી કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહી જેની તમામ લાગતા વળગતા, સગા-સબંધીઓ તથા કુટુંબીજનોએ નોંધ લેવી.

તારીખ : ૨૦-૦૧-૨૦૨૫
સ્થળ : સાવરકુંડલા
લી. મિનકેતકુમાર વિમલકુમાર ગગલાણી

સંકુલ UG કોલેજ - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ
★ BA(Eng) Sem. II – 96% પરિણામ સાથે 99% ફર્સ્ટક્લાસ 2023–24
★ BA(Soc) Sem. II – 95% પરિણામ સાથે 90% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.Com.(EM) Sem. II – 96% પરિણામ સાથે 95% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.Sc.(Appli) Sem. II – 93% પરિણામ સાથે 90% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.C.A. Sem. II – 92% પરિણામ સાથે 92% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.B.A. Sem. II – 96% પરિણામ સાથે 93% ફર્સ્ટક્લાસ 2023–24
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ - ચક્કરગઢ રોડ અમરેલી -Ad 096

## મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

### રૂબરૂ સુનાવણી

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૭૦/૨૦૨૪......................તા.૦૯-૦૧-૨૦૨૫
અરજદારશ્રી :- ૧. રામજીભાઈ ડાયાભાઈ સોંદરવા રહે.સાવરકુંડલા, જી.અમરેલી
સામાવાળા :- ૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા કચેરી સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચિત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી ચંપાબેન રામજીભાઈ સોંદરવાનો જન્મ તા.૦૧-૦૪-૧૯૭૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮-૦૧-૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે. આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ. આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉક્ત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે. આજ તા.૦૯-૦૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા

## -:: જાહેર નોટીસ ::-

### સમઢીયાળાનાં જુનો સર્વે નં.૧૩૨, નવો સર્વે નં.૨૭૧, હે.૦-૮૯-૦૩ ખાતા નં.૧૦૭ વાળી જમી વેચાણ રાખેલ હોય જે અંગે...

આથી જાહેર જનતાજોગ નોટીસ આપવામા આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના સમઢીયાળા ગામ સીમતળમાં આવેલ ખેતીની જમીન જુનો સર્વે નં.૧૩૨, નવો સર્વે નં.૨૭૧, ખાતા નં.૧૦૭, હે.આરે. ૦-૮૯-૦૩ વાળી જમીન શ્રી વાળા હરેશભાઇ અમરૂભાઇના સ્વતંત્ર નામે આવેલી છે.

ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન અમોશ્રી ઉર્મીલાબેન મનુભાઇ જળુ ખરીદવા માંગતા હોય જેથી ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન સબંધે કોઇનો હક્ક હિસ્સો આવેલ નથી તેમ છતાય કોઇપણનો હક્ક હિસ્સો આવેલ હોય અથવા આ જમીન બાબતે કોઇ વ્યક્તિને લખાણ કરી આપેલ હોય તો દિન-૭ માં અમોને નીચેના સરનામે જાણ કરવી. તેમજ ઉપરોક્ત જમીન પરત્વે કોઇપણ સરકારી કચેરી તેમજ કોર્ટમાં વાદ-વિવાદ કે તકરાર ચાલતી હોય તો તેની અમોને જાણ કરવી. અને ઉપરોક્ત દિન-૭ પુર્ણ થયે કોઇપણ વ્યક્તિઓ કે કચેરીઓના વાંધા, સુચનો ધ્યાને લેવામાં આવશે નહી જેની નોંધ લેવી. આ જમીનનો પાકો દસ્તાવેજ અમારે મુળ માલીક શ્રી હરેશભાઇ અમરૂભાઇ વાળા પાસેથી અવેજની રકમ ચુકવીને કરવાનો છે. જેથી ઉપરોક્ત અમો વેચાણ રાખનાર દ્વારા જાહેર જનતાજોગ આ નોટીસ આપી જાણ કરવામાં આવે છે.

તારીખ : ૨૦-૦૧-૨૦૨૫ સોમવાર
ઉર્મીલાબેન મનુભાઇ જળુ વા/ઓ રાજુભાઇ ખુંગલા
રહે.રાજકોટ ઠે.જલેશ્વર વેલનાથ પાર્ક,
રીંગરોડ, રાજકોટ, મો.૯૯૨૫૫ ૬૪૪૮૨


એક જ ભાવ વ્યાજબી ભાવ
Anand
હંમેશા કંઈક નવું...
શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

શુ તમે ડ્રાયવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?
તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેક્ટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક
લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.
RTO એડવાઇઝર
સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેક્ટીસ ટ્રેક
મો. ૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી

"મધુવન" થી રેલ્યો ઉજાસ, સૌન્દર્ય બિખરે ચોપાસ !

MGA મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art madhuvangold.in

Hero
આભાર ગુજરાત

₹65,100
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઇપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પુજારા ટેલિકોમની ઉપર, જલુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

MARUTI SUZUKI ARENA
ડિસેમ્બર ધમાકા
વર્ષના અંતની સર્વશ્રેષ્ઠ ઓફરો
ભાવ વધે તે પહેલા વસાવવાની ઉત્તમ તક
BENEFITS UPTO ₹1,51,000

અત્યારે નહીં તો ક્યારે નહીં
Sale Helpline: 99046 49999
Service Helpline: 99045 49999
Alpha Autolink મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)લાઠી રોડ બાયપાસ

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યક્તિગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે).
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઇન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯


શ્યામ આંખની હોસ્પિટલ
ડૉ. કપિલ બી. વરૂ
એમ.એસ. (ઓપ્થલ.) ફેલો મેડિકલ રેટીના
મોતિયા, ઝામર અને પડદાના રોગોના નિષ્ણાંત
: મેઇન બ્રાન્ચ :
સફારી પ્લાઝા, બીજો માળ, એંજલ સિનેમાની સામે, માણેકપરા, અમરેલી. મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦
: અન્ય બ્રાન્ચ :
: બાબરા : ઝાફરી કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેશન, અમરાપરા રોડ, બાબરા. મો. ૮૨૩૮૩ ૦૯૦૦૦
: ધારી : ખોડીયાર કોમ્પ્લેક્ષ, પટેલ વાડી ગેટની સામે, અમરેલી રોડ, ધારી. મો. ૮૨૩૮૩ ૦૭૦૦૦
: રાજુલા : શિવશક્તિ શોપીંગ, બેન્ક ઓફ બરોડાની પાસે, કોહિનૂર હોટલની સામે, જાફરાબાદ રોડ, રાજુલા. મો. ૭૪૩૪૮ ૦૮૦૦૦
: સાવરકુંડલા : રિધ્ધિ સિધ્ધિ કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત ઓફિસની સામે, મહુવા રોડ, સાવરકુંડલા. મો. ૮૨૩૮૬ ૦૯૦૦૦

## અમરેલી નગરપાલિકા - અમરેલી

જીલ્લો : અમરેલી

### ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ

આથી અમરેલી નગરપાલિકા, અમરેલી, જીલ્લોઃ અમરેલીને. સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે.

કામનં.૧ : અમૃત ૨.૦ (સ્વેપ-૧.૦) યોજના તથા અમૃત સરોવર યોજના અંતર્ગત અમરેલી શહેરના રોકડીયા તળાવ ડેવલોપમેન્ટ સાથે પાંચ-વર્ષ મરામત-નિભાવણીનું કામ.

કામનં.૨ : સને ૨૦૨૪-૨૫ વર્ષ માટે સરકારશ્રી દ્વારા મંજુર થયેલ તથા મળવાપાત્ર ગ્રાંટ/લોન તેમજ સ્વભંડોળ હેઠળ ફકત રૂા. ૫:૦૦ લાખની મર્યાદા સુધીના કામો ૧-વર્ષ માટે વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી ઇલેકટ્રીક શાખા લગતી એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટની કામગીરી.

કામનં.૩ : સને ૨૦૨૪-૨૫ વર્ષ માટે સરકારશ્રી દ્વારા મંજુર થયેલ તથા મળવાપાત્ર ગ્રાંટ/લોન તેમજ સ્વભંડોળ હેઠળ વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજની તથા સંલગ્ન ઇમારતોનું એક-વર્ષ સુધી મરામત અને નિભાવણીની કામગીરી.

કામનં.૪ : સને ૨૦૨૪-૨૫ વર્ષ માટે વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી નગરપાલિકા દ્વારા આઉટ સોર્સીંગથી નગરપાલિકામાં ચાલતી વિવિધ કામગીરીમાં મદદ રૂપ થાય તેવા ચોકીદારી, લેબર, ડ્રાઇવર, વાયરમેન, પ્લમ્બર, વાલ્વમેન, પમ્પ ઓપરેટર, સુપરવાઇઝર, કલાર્ક, એકાઉન્ટન્ટ, પ્યુન, કોમ્પ્યુટર ઓપરેટર અને વાયર મેન, ડ્રેનેજ અને ઇલેકટ્રીક તેમજ સેનીટેશન માટે એન્જીનીયર અને ઇન્સપેકટર જેવી વિવિધ પોસ્ટ માટે મેન પાવર સપ્લાય કરવાનું કામ.

ઉપર મુજબની વિગતની કામગીરી કરાવવા માટે તા.૨૭/૦૧/૨૦૨૫ થી ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. અમરેલી નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર અમરેલી નગરપાલિકા
પ્રમુખ અમરેલી નગરપાલિકા
જાહેરાત/અમરેલી/...૨૫

